શેઠ ચીમનલાલ
નગીનદાસ
વિદ્યાવિહાર

# સંનિધિ

વર્ષઃ ૧૩, અંકઃ૩૪, માર્ચ-૨૦૨૪, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોનઃ૨૬૪૬૩૫૧૧, ૨૬૪૬૩૬૯૬
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## ''પૂર્વ વિદ્યાર્થી હોવું એ સંસ્થાના વિકાસ અને સફળતા માટે આજીવન પ્રતિબદ્ધતા છે.''



એક કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ ક્ષણિક લાભને બદલે આવનારી પેઢીઓનાં કલ્યાણ માટે કામ કરે છે. શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનાથી સમાજને થનારા લાંબા ગાળાના લાભોનો વિચાર કરીને શેઠ ચીમનભાઈ નગીનદાસે પોતાની તમામ સંપત્તિનું દાન કરીને ગાંધીજીએ આપેલ ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને ચરિતાર્થ કરી બતાવ્યો. તેમના આ સંકલ્પને તેમના નિધન બાદ તેમના પત્ની માણેકબાએ તેમના ભત્રીજા શ્રી અંબાલાલ સારાભાઈના સાથથી અમલમાં મૂક્યો તેમજ આગળ જતાં તેમના એકમાત્ર સંતાન દીકરી શ્રી ઈન્દુમતીબહેને શ્રી ઝીણાભાઈ ''સ્નેહરશ્મિ''ના સાથથી વિકસાવ્યો.

ઈ. સ. ૨૦૪૭ માં જ્યારે ભારતની આઝાદીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થશે ત્યારે સી. એન. વિદ્યાવિહારની સ્થાપનાના ૧૩૫ વર્ષ પૂર્ણ થશે અને વિદ્યાલયની સ્થાપનાના ૧૨૧ વર્ષ પૂરા થયા હશે. આપણા સહુ માટે આનંદ અને ગૌરવની વાત એ છે કે આગામી વર્ષ ૨૦૨૬માં વિદ્યાલયની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂરાં થવામાં છે.

### ''સી. એન. વિદ્યાવિહાર એ માત્ર એક સંસ્થા જ નથી, પણ એક વારસો છે.''

અમારા આદરણીય પૂર્વ વિદ્યાર્થીઓ, તમે આપણી સંસ્થાની સફળતાના જીવંત ઉદાહરણ સમાન છો. વિવિધ ક્ષેત્રોમાં તમારી સિદ્ધિઓ; એ સંસ્થામાં દાખલ કરવામાં આવેલા કાર્યશીલ શિક્ષણ અને મૂલ્યોનો વારસો છે. જ્યારે તમે તમારી સંસ્થામાં મુલાકાતે આવો છો, ત્યારે તમે માત્ર એક સ્થળની મુલાકાત જ નથી લેતા, પરંતુ મિત્રતા અને જ્ઞાનની જ્વાળાઓને ફરીથી પ્રજ્વલિત કરી રહ્યા છો; જે ૨૪.૨.૨૦૨૪ના રોજ વિદ્યાવિહારના પ્રાંગણમાં "રસોત્સવ" કાર્યક્રમ દરમ્યાન પ્રજ્વલિત થઈ હતી. તમારી જીવનયાત્રા તમને દૂર-દૂર સુધી લઈ ગઈ હશે, પરંતુ તમારું હૃદય કાયમ તે સ્થાન (વિદ્યાવિહાર)નું રહેશે જ્યાંથી તમારા જીવનની શરૂઆત થઈ હતી.

આપણે સહુ સ્વીકારીએ છીએ કે, એક વખતનો સંસ્થાનો વિદ્યાર્થી એ હંમેશાં તે સંસ્થા પરિવારનો એક ભાગ રહે છે. પૂર્વ વિદ્યાર્થીઓ અને સંસ્થા વચ્ચેનું બંધન અતૂટ છે, જે સહિયારા સંઘર્ષો અને સફળતાઓ દ્વારા રચાય છે. તમે માત્ર વિદ્યાવિહારના સ્નાતકો જ નથી; તમે આજીવન વિદ્યાવિહાર સમુદાયના સભ્યો છો. અભિન્ન અંગ છો. પૂર્વ વિદ્યાર્થી હોવું એ સન્માનનિય બિરુદ છે, જે સખત મહેનત અને સમર્પણ દ્વારા મેળવવામાં આવે છે. પૂર્વ વિદ્યાર્થી નેટવર્કની શક્તિ નિર્વિવાદ છે, જે આજીવન સંસ્થાને તેમજ વર્તમાન વિદ્યાર્થીઓની પેઢીને ટેકો અને તકો પૂરી પાડે છે.

**''વિદ્યાવિહારનો પ્રયાસ છે કે, આજના વિદ્યાર્થીઓ ફક્ત બૌદ્ધિક જ નહીં, પરંતુ સામાજિક અને ભાવાત્મક રીતે સમૃદ્ધ થાય; તે માટે વિદ્યાવિહારમાં સકારાત્મક પ્રગતિશીલ વાતાવરણને પ્રોત્સાહિત કરવામાં આવે.''**

**''દરેક વિદ્યાર્થીનું સ્વપ્ન સાકાર થાય એ જ વિદ્યાવિહારનો સંકલ્પ છે.''**

**ડૉ. વૈશાલી શાહ**
નિયામક, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

**પ્રકાશકઃ- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળઃ- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

# 'વિદ્યાવિહારનું ગૌરવ'



**ડૉ. કિરીટ શાંતિલાલ પરીખ**

૧૯૫૧ની બેચ શેઠ સી. એન. વિદ્યાલય

## મારી યાત્રા વિદ્યાવિહારથી દિલ્હી સુધી

મારો જન્મ ૧લી ઓગસ્ટ ૧૯૩૫ના રોજ થયો હતો. મે ૧૯૪૨માં બીજા ધોરણથી ૧૯૫૧માં ૧૦માં ધોરણ સુધી શેઠ સી.એન. વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. ૧૯૪૨માં ભારત છોડો ચળવળ દરમ્યાન સી.એન. વિદ્યાલયના ઘણા શિક્ષકોને ૮ મહિનાની જેલ કરવામાં આવી હતી. શાળા બંધ કરવામાં આવી હતી, અને તમામ વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં બઢતી આપવામાં આવી હતી.

મારી પાસે વિદ્યાવિહારની ઘણી યાદો છે. આચાર્ય ઝીણાભાઈ, મુખ્ય શિક્ષક વાડીભાઈ, ગણિત શિક્ષક નાથાભાઈ અને તેમની ટિપ્પણીઓ, ભૂગોળ અને ઇતિહાસના શિક્ષક ભાસ્કરભાઈ, અંગ્રેજી શિક્ષક વિલીબહેન, વિજ્ઞાન શિક્ષક દલાલ સાહેબ, ગુજરાતી શિક્ષક પ્રમોદભાઈ, તેમની સાદગી અને શિક્ષણ પ્રત્યેના સમર્પણ માટે હું તેમનો ઋણી છું. મે ચિત્ર મારા શોખ તરીકે લીધું હતું અને ૬ વર્ષ સુધી રસિકભાઈ પરીખના હાથ નીચે અભ્યાસ કર્યો હતો.

સી.એન.માં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓને પણ મહત્વપૂર્ણ ગણવામાં આવી હતી. પ્રાર્થના માટેની દૈનિક સભામાં ઘણા પ્રતિષ્ઠિત મહેમાનો અમને સંબોધતા, તેમાં આચાર્ય કૃપલાની જેવા રાજકીય નેતાઓથી લઈને જ્યોતીન્દ્ર દવે જેવા હાસ્યલેખકથી લઈને રવિશંકર મહારાજ જેવા રચનાત્મક કાર્યકર્તાઓ સુધીના હતા. તેમને સાંભળવા એક લહાવો હતો. કેટલીકવાર વક્તા વધુ સમય લેતા હતા અને પછીના વર્ગને છોડી દેવાના હોય તો કોઈ ચિંતા ન હતી. ઝીણાભાઈના એક મિત્ર મંકોડી એટલા રમૂજી હતા કે તેઓ વિદ્યાર્થીઓને ૫ કલાક રોકી રાખે અને બાકીના દિવસ માટે અમને રજા મળતી. સ્વચ્છતા માટે અઠવાડિયામાં એક સમય નક્કી કરેલો જેમાં વિદ્યાર્થીઓ શાળા, તેના મેદાન વગેરેની સફાઈ કરતાં. અમે શ્રમનું ગૌરવ શીખ્યા અને કોઈ કામ નાનું નથી એ શીખ્યા. વિદ્યાર્થી પરિષદની ચૂંટણી અમને લોકશાહીની થોડી સમજ આપતી.

સી. એન.ની અસર જીવનભર મારી સાથે રહી છે. આજે પણ હું મોટાભાગે ખાદીનું સફેદ ખમીસ પહેરું છું. બધાં જ ધર્મો માટે સમાન સન્માન, શ્રમનું ગૌરવ, સ્વસહાય અને સમાજ અને દેશ માટે કંઈક કરવાની ઈચ્છા હજી પણ મારી સાથે રહી છે. મારા માતા સવિતાબહેન અને પિતા શાંતિલાલનો પણ આમાં ફાળો છે. મારા ઘરનું વાતાવરણ શાળા સાથે સુસંગત હતું.

વર્ષ ૧૯૫૧ માં હું Bombay રાજ્યની SSCE પરીક્ષામાં બોર્ડમાં પાંચમા ક્રમે આવ્યો. જેમાં ગુજરાત અને મહારાષ્ટ્ર બંનેનો સમાવેશ થતો હતો. મારા મોટા ભાઈ અનિલભાઈ પણ ૧૯૪૫ની મેટ્રિકની પરીક્ષામાં ૫ માં ક્રમે આવ્યા હતા. પરિણામના દિવસે ઝીણાભાઈ મને અભિનંદન આપવા મારા ઘરે આવ્યા હતા. તેમણે મને પૂછ્યુ કે શું કરવાની ઈચ્છા છે? મે કહ્યું કે એન્જિનિયરિંગ. ઝીણાભાઈએ કહ્યું કે તમામ તેજસ્વી વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જિનિયરિંગમાં જાય છે, તું અર્થશાસ્ત્ર કેમ ધ્યાનમાં નથી લેતો? દેશને અર્થશાસ્ત્રીઓની પણ જરૂર પડશે. એ વિચાર મારી સાથે રહ્યો તેમ છતાં હું એન્જિનિયરિંગમાં જોડાયો અને ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી. પછી IIT ખડગપુરમાંથી માસ્ટર્સની ડિગ્રી અને પછી MITથી Ph.D. કર્યું. જ્યારે એન્જિનિયરિંગ કરતો તે સમયે સાથે સાથે મે વિકાસ અર્થશાસ્ત્ર અને આર્થિક સિધ્ધાંતના developmental economics અને આર્થિક સિધ્ધાંતના economic theoryના તમામ સ્નાતક અને અદ્યતન સ્નાતક અભ્યાસક્રમો લીધા. Engineeringમાં Ph.D. પૂર્ણ કર્યા પછી અર્થશાસ્ત્રમાં માસ્ટર્સ ડિગ્રી મેળવવા માટે મારી પાસે પૂરતી ક્રેડિટ હતી.

ત્યાર પછી MITના સેન્ટર ફોર ઇન્ટરનેશનલ સ્ટડીઝમાં જોડાયો. પ્રોફેસરો રિચર્ડ એકાઉસ, લુઈસ લેફેબર અને સુખમોય ચક્રવર્તી સાથે અમે ભારત માટે મલ્ટિ-સેકટરલ ઇન્ટરટેમ્પોરલ ઓપ્ટિમાઇઝેશન પ્લાનિંગ મોડેલ્સ વિકસાવ્યા છે. મોડેલ્સમાં ઘણાં sectors હતા તે સમગ્ર અર્થવ્યવસ્થાને આવરી લેતા હતા. જે વિવિધ ક્ષેત્રો માટે મોડેલ વાપરી ને લક્ષ્યાંક પૂરા પાડે. આ મોડેલ આયોજનમાં અદ્યતન હતું. ૧૯૬૪માં જ્યારે હજુ MIT માં હતો ત્યારે મને offer કરવામાં આવી હતી. અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે પોસ્ટ ઈંડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટીટ્યુટ (ISI) ના પ્લાનિંગ યુનિટમાં હું ત્યાં ૧૯૬૭માં જોડાયો. અમે આયોજન પંચના પરિપ્રેક્ષ્ય આયોજન (Prospective Planning) વિભાગ સાથે મળીને કામ કર્યું. આનાથી ભારતના વિકાસમાં યોગદાન આપવાની તક મળી હતી અને મને પણ એમ લાગ્યું કે હું એન્જિનિયર કરતાં અર્થશાસ્ત્રી તરીકે વધુ વિશિષ્ટ યોગદાન આપી શકું છું. આઝાદી સમયે ભારતની વસ્તી ૩૬૧ મિલિયન હતી. આજે તે ૧૪૧૦ મિલિયન છે. પ્રતિ વ્યક્તિ દીઠ NNP રૂ ૫૦/વર્ષ આજે રૂ ૨૨૪૦, અક્ષરજ્ઞાન ૨૭ % પુરુષો, ૯ % સ્ત્રીઓ અને આજે ૮૪ % અને ૭૨ % ભારતની આર્થિક નીતિમાં ૧૫ વર્ષમાં ગરીબી દૂર કરવી, infrastructure નો વિકાસ કરવો અને આયાત અવેજી import substitution અર્થતંત્રને ચલાવવા માટે કેન્દ્રીય આયોજનને આવશ્યક તત્વ માનવામાં આવતું હતું. શા માટે ભારતે આયાત આવેજિકરણનું ધ્યેય રાખ્યું? અગાઉના ૩૦ વર્ષોમાં વિશ્વ વ્યાપાર ભાગ્યેજ વધ્યો હતો. અને ભારત જેવો મોટો દેશ જો તે નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે તો તેની નિકાસની કિંમતો પર ખૂબ જ પ્રતિકૂળ અસર પડે તેની આવક ઓછી થાય. ઉપરાંત આ સમયગાળામાં અમેરિકા અને બ્રિટને કિંમત અને જથ્થા નિયંત્રણોનો (quantity control) નો ઉપયોગ કર્યો હતો. તેજ સમયે સોવિયેત યુનિયન કેન્દ્રીય આયોજન દ્વારા ૧૯૧૭ માં એક પછાત દેશમાંથી ૧૯૪૭માં એક શક્તિશાળી દેશ બન્યો હતો. આજે નહેરુની

નીતિની ઘણીવાર ટીકા કરવામાં આવે છે. પણ તે સમયે વિશ્વના મોટાભાગના વિકાસ અર્થશાસ્ત્રીઓમાં સંમતિ હતી કે તે યોગ્ય નીતિ હતી. તે પ્રાથમિક વ્યૂહરચના ૩૦ વર્ષ ચાલી. ૬૦ ના દાયકામાં પ્રથમ ૧૫ વર્ષ પછી તે સ્પષ્ટ હતું કે બીજા વિશ્વયુદ્ધ પછીના સમયમાં વિશ્વ વેપાર નોંધપાત્ર રીતે વધ્યો હતો અને દક્ષિણ કોરિયા જેની વસ્તી ભારત કરતાં ૫ % હતી તેની નિકાસ ભારત કરતાં વધુ હતી. તે આંખ ખોલનારી બાબત હતી. અને અમારામાંથી કેટલાકે સરકારને ભારતીય અર્થતંત્રને ઉદાર બનાવવા સલાહ આપી હતી.

હું વડાપ્રધાનની નેશનલ કમિટી ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ કો ઓર્ડિનેશન (NCEPC)નો સભ્ય હતો. અને અમે હવા અને જળ પ્રદૂષણને નિયંત્રિત કરવા ઘણાં પગલાં શરૂ કર્યા હતા. તે સમયે તે યોગ્ય હતું., પણ આજે પ્રદૂષણ ખૂબ વધી ગયું છે. અને તેની સૌથી ખરાબ અસર ગરીબો પર પડે છે. જો કે આ નીતિઓનું અમલીકરણ ઘણું નબળું રહ્યું છે. અને આજે ભારતમાં વિશ્વના સૌથી ખરાબ પ્રદૂષિત શહેરો છે. અને નદી ઓ પણ ખૂબ પ્રદુષિત છે. ૧૯૭૩ થી ૧૯૭૫ સુધી ISI એ દિલ્હીમાં એક કેમ્પસ બનાવ્યું. હું એન્જિનિયર હતો અને ISIના પ્લાનિંગ યુનિટનો વડો હતો તેથી મે બાંધકામનું ધ્યાન રાખ્યું. ૧૯૭૫ના ડિસેમ્બરની ઠંડી સવારે ઇન્દિરા ગાંધીએ એ કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું.

ઇન્દિરા ગાંધીની સરકારે મારી ત્રણ રાષ્ટ્રીય સમિતિઓમાં નિમણૂંક કરી. ઈંધણ નીતિ સમિતિ, પર્યાવરણ આયોજન અને સંકલન પરની રાષ્ટ્રીય સમિતિ તથા રાષ્ટ્રીય વિજ્ઞાન અને તકનિક સમિતિ (૧૯૭૧ થી ૧૯૭૫ દરમ્યાન)

મે ૧૯૬૯ માં જ્યોતિ અમૃતલાલ શાહ સાથે લગ્ન કર્યા જેણે ભૌતિકશાસ્ત્રમાં Ph.D. કર્યું હતું અને TIFR માં સંશોધક હતી. એટોમીક એનર્જી કમિશન (AEC)ના તત્કાલીન અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈએ મને અને જ્યોતિને દિલ્હી આવવાનું કહેવાને બદલે મુંબઇમાં AECમાં જોડાવાનું કહ્યું. હું ૧૯૭૦માં DAEમાં જોડાયો અને DAEમાં વિકસિત કેટલીક તકનિકોના આર્થિક ઓપરેશન રિસર્ચ એનાલિસિસ કરવા માટે એક પ્રોગ્રામ એનાલિસિસ ગ્રુપ (PAG)ની સ્થાપના કરી. ૧૯૭૧માં ડૉ. વિક્રમ સારાભાઈના મૃત્યુ પછી મને ત્યાં રહેવાનું ગમ્યું નહીં. હું નવી દિલ્હીમાં ISIમાં પાછો ફર્યો.

પૂર્વ અને પશ્ચિમના ઔદ્યોગિક દેશો દ્વારા માનવજાતની સામાન્ય સમસ્યાઓના અભ્યાસ કરવા માટે વિયેનામાં સ્થાપવામાં આવેલી IIASA ઈન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર એપ્લાઇડ સિસ્ટમ્સ એનાલિસીસમાં મેં ૧૯૭૬ થી ૧૯૮૬ સુધીના ૮ વર્ષ ગાળ્યા. મેં Food & Agriculture Program (FAP)નું નેતૃત્વ કર્યું અને ૩૦ દેશો માટે સામાન્ય સંતુલન (general equilibrium) મોડેલ બનાવ્યા અને સંતુલિત વેપાર દ્વારા એકસાથે જોડ્યા. અમે વિશ્વમાં ભૂખમરો ઘટાડવા માટેની નીતિઓ અને વિવિધ દેશો પર કૃષિ વેપારના ઉદારીકરાણની અસરનું વિશ્લેષણ કર્યું.

૧૯૮૬ માં મારી પત્ની જ્યોતિ અને મને RBI દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું. મુંબઇમાં નવી વિકાસ સંશોધનમાં સંસ્થાની સ્થાપના કરવા માટે. અમે ૧૯૮૫માં વિયેનાથી મુંબઈની મુલાકાત વખતે ડૉ. મનમોહનસિંહ જેઓ RBIના ગવર્નર હતા તેમને મળ્યાં. તેમણે મને કહ્યું કે RBI મુંબઇમાં એક સંસ્થા સ્થાપવાની યોજના બનાવી રહી છે અને શું હું તેમાં આવી શકું? મે કહ્યું જરૂર. અમે IGIDRને એક વિવિધ શિસ્ત (multi-disciplinary) અદ્યતન સંશોધન સંસ્થા તરીકે વિકસાવી. IGIDRના કેમ્પસનું ઉદ્ઘાટન વડાપ્રધાન રાજીવ ગાંધી દ્વારા ડિસેમ્બર ૧૯૮૮માં કરવામાં આવ્યું હતું અને અમે આગામી ૧૭ વર્ષ ત્યાં વિતાવ્યા. તે બીજું કેમ્પસ હતું જેની સાથે હું સંકળાયેલ હતો જેનું ભારતના વડાપ્રધાને ઉદ્ઘાટન કર્યું હતું. આ એક સંસ્થા સ્થાપવાનો અનુભવ હતો. અને આજે પણ ત્યાં બધા અમને યાદ કરે છે. IGIDR માંથી નિવૃત્ત થયા પછી અમે ૨૦૦૨ માં નવી દિલ્હીમાં એક બિન સરકારી બિન આબકારી થિંક ટેન્ક ઇન્ટિગ્રેટેડ રિસર્ચ એન્ડ એક્શન ફોર ડેવલપમેન્ટ IRADe ની સ્થાપના કરી હતી. જેથી મલ્ટિ-ડિસિપ્લિનરી મલ્ટિ-સ્ટેકહોલ્ડર પોલિસી રિસર્ચ કરવામાં આવે અને સાથોસાથ વિકાસના પ્રયોગો પણ થઈ શકે.

૧૯૮૨ થી ૨૦૦૫ દરમ્યાન મને પાંચ વડાપ્રધાનો રાજીવ ગાંધી, વી. પી. સિંહ, ચંદ્રશેખર, નરસિંહરાવ અને વાજપેઈની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન મનમોહનસિંહે મને ૨૦૦૪ થી ૨૦૦૯ દરમ્યાન આયોજન પંચના સભ્ય તરીકે નિયુક્ત કર્યો હતો. ઉર્જા અને અર્થશાસ્ત્રમાં મારી પૃષ્ઠભૂમિએ મને વર્ષોથી ભારતની વિકાસનીતિઓમાં યોગદાન આપવાની તક આપી છે. હું સી. એન. દ્વારા પ્રભાવિત મૂલ્યો થકી આશા રાખું છું કે વિદ્યાવિહારની મંગલકારી છાયા અને મારા માતાપિતાની અસરથી ભારતની પ્રગતિમાં મે થોડુ રચનાત્મક યોગદાન કર્યું હશે. (કદાચ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ૨૦૦૯માં મળેલ **'પદ્મભૂષણ'** એવોર્ડ એ સૂચવે છે.)

તે દરમ્યાન ઇન્ટરનેશનલ પેનલ ફોર ક્લાઇમેટ ચેન્જ, જે આબોહવા પરિવર્તનનાં કારણો, અસર અને તેને રોકવાની નીતિ પર સંશોધન કરવા માટે વિશ્વભરના સંશોધકોની પેનલ છે અમે તેના ત્રીજા અને ચોથા રિપોર્ટ કરવામાં ભાગ લીધો હતો. તેથી ૨૦૦૭ માં IPCCને અપાયેલ **Nobel Peace Prize**નો ભાગીદાર બન્યો હતો.

- ડૉ. કિરીટ એસ. પરીખ

## સી. એન. નો કોઈ પર્યાય નથી .......

એટલે જ તો કહું છું કે ..... સી.એન. નો કોઈ પર્યાય નથી.
અહીં વૃક્ષોની છે વનરાજી,ને વાનરબાળની મનમાની;
છે સૌનું વહાલું, પ્યારું ઘર.....
એટલેજ તો કહું છું કે....... સી.એન. નો કોઈ પર્યાય નથી .
છે પંખીનો અહીં કોલાહલ,ને ખિસકોલીની દોડ પકડ;
સોળે કળાએ અહી મયુર સજે છે.......
એટલે જ તો કહું છું કે .......... સી.એન. નો કોઈ પર્યાય નથી .
છે બાળકનું અહી બાળપણ, ને શિશુનું છે શાણપણ;
યૌવન અહીં થનગને છે........
એટલે જ તો કહું છું કે........ સી.એન. નો કોઈ પર્યાય નથી .
છે સ્નેહરશ્મિની તપોભૂમિ, નસીબથી બની હું એની ઋણી;
નતમસ્તક થઈ ગર્વ શિરે ચડે છે........
એટલે જ તો કહું છું કે ......... સી.એન. નો કોઈ પર્યાય નથી

- દ્યુતિ દહીયા
શિક્ષિકા, વિદ્યાલય

# શેઠ સી.એન.વિદ્યાવિહારની સ્થાપનાના ૧૧૧ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી




ગાંધી મૂલ્યોને વરેલી સંસ્થા શેઠ સી.એન.વિદ્યાવિહાર પશ્ચિમ ભારતના શાંતિનિકેતન તરીકે નામના ધરાવે છે. વિદ્યાવિહારે તેની સ્થાપનાના ૧૧૧ વર્ષ પૂર્ણ કર્યા છે. જેની ઉજવણી દરમ્યાન Cyclothone, Glorious Carnival તેમજ Sports Carnival જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન ગત વર્ષે કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અંતર્ગત તાઃ ૨૪.૨.૨૦૨૪ના રોજ પૂર્વ વિદ્યાર્થી સમુદાય માટે રસોત્સવ-Mega Reunion ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને ભવ્ય સફળતા મળી હતી. વિદ્યાવિહારમાં ઘણા સમય પછી આટલા મોટા પાયા પર કોઈ કાર્યક્રમ થયો હતો.

શરૂઆતમાં સાંજના ૫ થી ૭ કલાક દરમ્યાન વિવિધ કાર્યક્રમો થયા હતા.

**વર્ગખંડની મુલાકાતઃ**



શાળાકીય માહોલને માનસપટ પર પુનર્જીવિત કરવા અને વિદ્યાર્થીકાળના મિત્રોને ફરીથી શોધવા અને મળવા સાંજે ૫ થી ૭ દરમ્યાન વિદ્યાવિહાર પરિસર પર વિદ્યાલય, કિશોર વિદ્યાલય, બાલ વિદ્યાલય, શિશુવિહાર, અને અંગ્રેજી માધ્યમની શાળાઓ તેમજ તાલીમી કોલેજો, ફાઇન આર્ટસ કોલેજ અને ટેકનિકલ સેન્ટરના વર્ગખંડ ખુલ્લા રાખવામા આવ્યા હતા. વિવિધ બેચના અનેક વિદ્યાર્થીઓએ ગ્રુપમાં મળીને શાળાજીવનમાં ક્લાસમાં વિતાવેલ દિવસોને ફરીથી માણ્યા હતા. વર્ગખંડમાં તેમના સમયના નિવૃત્ત શિક્ષકો સાથે ફોટા પડાવ્યા હતા અને જૂની યાદો તાજી કરી હતી. ઘણા વિદ્યાર્થીઓ શાળાનો બેચ તેમજ યુનિફોર્મ પહેરીને આવ્યા હતા અને દરેકે તેમના વર્ગના સહપાઠી મિત્રો સાથે વર્ગખંડમાં ગ્રુપ ફોટા લીધા હતા. બાલ વિદ્યાલય અને શિશુવિહારમાં પૂર્વ વિદ્યાર્થીઓ પોતાની ઉમરને ભૂલીને હીંચકા, લપસણી તેમજ મેદાનમાં અન્ય રમતો રમ્યા હતા. કિશોર વિદ્યાલયમાં નિવૃત્ત આચાર્ય શ્રી ભક્તિભાઈ પટેલે વિદ્યાર્થીઓનો ક્લાસ લીધો હતો. નિર્દોષ લાગણીઓ અને યાદોનું ઘોડાપૂર સહુના હૃદયમાં ઊમટ્યું હતું. પૂર્વ વિદ્યાર્થીઓ પોતાની ઉંમર, સામાજિક રુતબો, વ્યવસાય તમામ ભૂલીને વિદ્યાર્થી બનીને બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની સહેલગાહે પહોંચી ગયા હતા. વિદ્યાલયના ૧૯૫૦થી ૨૦૨૩ની બેચના વિદ્યાર્થીઓએ આમાં ભાગ લીધો હતો. સંખ્યાની રીતે જોઈએ તો સહુથી વધારે ૨૦૧૭, ૧૯૮૨ અને ૧૯૬૭ની બેચના વિદ્યાર્થીઓ રસોત્સવમાં જોડાયા હતા.

**ફાઇન આર્ટસ કોલેજમાં Annual Display:**

ફાઇન આર્ટસ કોલેજમાં વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન કરેલ કામગીરીનું Annual Display દરેક વર્ગમાં રાખવામા આવ્યું હતું. તેમજ કેટલાક આર્ટ ઇન્સ્ટોલેશન પણ યોજવામા આવ્યા. જેમા વિશ્વના પ્રખ્યાત કલાકાર વિન્સેન્ટ વાન ગોધની કૃતિઓની થીમ રાખવામા આવી હતી. તે કલાકારની બેસ્ટ સેલર નવલકથા ''લસ્ટ ફોર લાઈફ''ની એક વિશાળ પ્રતિકૃતિ બનાવવામા આવી. તેમજ ''સ્ટારી નાઈટ'' ચિત્રના આધારે સ્ટેજ ડિઝાઇન કરવામા આવ્યુ. સમગ્ર પ્રદર્શનનો પૂર્વ વિદ્યાર્થીઓએ તેમજ જાહેર જનતા એ લાભ લીધો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળ્યું.

આ પ્રસંગ નિમિત્તે ફાઇન આર્ટસ કોલેજમાં પૂર્વ વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રના સફળ એવા કલાકારો અને પૂર્વ અધ્યાપકો સંસ્થામાં હાજર રહ્યા હતા અને કલા સંસ્થા સાથેના તેમના સંસ્મરણો વાગોળ્યા હતા. સંસ્થાના વિદ્યાર્થીઓએ વિવિધ પરફોર્મન્સ પણ રજૂ કર્યા હતા જે માટે સ્ટેજની કલાત્મક ડિઝાઇન તૈયાર કરી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ વિદ્યાવિહારના સુંદર પરિસરમાં બેસીને લાઈવ portrait, કાર્ટૂન અને ટેટૂ પણ કર્યા હતા.

**અન્ય પ્રવૃત્તિઓ**

રંગભવનના પ્રવેશદ્વાર પાસે Spot Registrationની વ્યવસ્થા રાખેલ હતી. તેમજ દરેકને સી. એન. ૧૧૧ ના લોગો વાળી Key Chain, Brochure તેમજ વર્તમાન પ્રવૃત્તિઓથી અવગત કરાવતાં Poster સાથેની Voluntary Kit આપવામાં આવી હતી.

**ફોટો પેનલઃ**



રંગભવન તરફ જવા માટેના પ્રવેશદ્વારથી એક Photo Panel તૈયાર કરવામાં આવી હતી. જેમાં વિદ્યાવિહારના ૧૧૧ વર્ષની ભવ્ય વિકાસયાત્રાની ઝાંખી દર્શાવવામાં આવી હતી. સ્મૃતિ કેન્દ્ર Archives માંથી પસંદ કરાયેલ ફોટોગ્રાફ્સની એક પેનલ બનાવવામાં આવી હતી. વર્ષ ૨૦૨૧માં Campus Photography કરાવવામાં આવી હતી. એ ફોટાઓનો પણ આ પેનલમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. Black &

white અને colour photographsનું આ સુંદર combination જોઈ પૂર્વ વિદ્યાર્થીઓના મનમાં અનેક સ્મરણો તાજા થયા હતા. અનેક લોકોએ ત્યાં પોતાના ફોટોગ્રાફ લીધા હતા.

### ફૂટબોલ ગાઉન્ડમાં વિવિધ પ્રવૃત્તિઓ:

રંગભવનની સામેના ફૂટબોલ ગ્રાઉન્ડમાં બધાંજ પૂર્વ વિદ્યાર્થીઓ એકત્ર થયા હતા. ત્યાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ફાઇન આર્ટસ કોલેજનો સ્ટોલ:



ફાઈન આર્ટસના સ્ટોલ પર વિદ્યાર્થીઓ દ્વારા Live tatoo, skacth તેમજ caricature કરવામાં આવ્યા હતા. ઘણા બધા પૂર્વ વિદ્યાર્થીઓએ આનો લાભ લીધો હતો. ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓએ તેમની કલાનો સુંદર પરિચય કરાવી સહુને તેમની કલા યાદગીરી સ્વરૂપે ભેટમાં આપી હતી.

### વિદ્યાવિહાર souvenirનો સ્ટોલ:



વિદ્યાવિહારના ૧૧૧ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે વિદ્યાવિહાર દ્વારા સી.એન. Souvenirનો એક સ્ટોલ રાખવામાં આવ્યો હતો. ત્યાં સી.એન.ના પરિસર પર વિહરતા પક્ષીઓની ઓળખ સાથેનું એક calendar, સી. એન. ૧૧૧ના લોગો વાળો કોફી મગ તેમજ શ્રી સ્નેહરશ્મિ તેમજ અન્ય નામી કવિઓની રચના અને સંગીત શિક્ષક શ્રી ભાઈલાલભાઈ શાહ દ્વારા સ્વરાંકન થયેલ વિદ્યાવિહાર ગીતમાલાનું વેચાણ કરવામાં આવ્યું હતું. લોકોએ ઉત્સાહભેર આ souvenir ખરીદ્યા હતા.

### સમુન્નતિ ટ્રસ્ટનો સ્ટોલ:

ઈન્દુમતીબહેન શેઠ દ્વારા મહિલાઓના ઉત્થાન માટે સ્થાપવામાં આવેલ સમુન્નતિ ટ્રસ્ટનો એક સ્ટોલ રાખવામાં આવ્યો હતો. ત્યાં મહિલાઓ દ્વારા બનાવાયેલ ખાખરાનું વેચાણ કરવામાં આવ્યું હતું અને ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવતી અન્ય ખાદ્ય સામગ્રી તેમજ નાસ્તાના pamphlet સહુને આપવામાં આવ્યા હતા.આ રીતે સંસ્થાએ ટ્રસ્ટના ધ્યેય મુજબ મહિલા ઉત્થાનમાં સહભાગી થવાના એક અવસરનો લાભ લીધો હતો.

### I Love C.N., Wish Tree અને Memory Box:



આ ઉપરાંત વિદ્યાવિહારની મુલાકાતને યાદગાર બનાવવા માટે સંસ્થા દ્વારા I Love C.N., Wish Tree અને Memory Box તૈયાર કરાવીને મૂકવામાં આવ્યા હતા. I love C.N.ના બેનર પાસે ઊભા રહીને અનેક વિદ્યાર્થીઓએ ફોટા પડાવ્યા હતા. Wish Tree પર અનેક વિદ્યાર્થીઓએ પોતાની wish લખીને લટકાડી હતી. Memory Boxમાં ઘણા વિદ્યાર્થીઓએ પોતાના સંસ્મરણો લખીને નાખ્યા હતા. અમુક સ્મરણોને આ અંકમાં લેવામાં આવ્યા છે.

### Selfe અને Batchwise Group Photo Booth:

અલગઅલગ બેચના વિદ્યાર્થીઆને સંભારણારૂપે ફોટા લેવા માટે વિશેષ બૂથ બનાવવામાં આવ્યા હતા. જ્યાં સહુએ તેમની બેચના મિત્રો સાથે selfie અને ગ્રુપ ફોટા લીધા હતા.

### Open Mic session:




Open Mic sessionને ખૂબ જ સુંદર પ્રતિસાદ મળ્યો હતો. અનેક વિદ્યાર્થીઓએ પોતાના શાળા સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. સમૂહમાં વિદ્યાવિહાર ગીતો પણ ગાયા હતા. છેલ્લા ૩૬ વર્ષથી અમદાવાદ દૂરદર્શનમાં કાર્યરત જાણીતા સમાચાર વાચિકા અને પૂર્વ વિદ્યાર્થીની ફાલ્ગુની હિરેને ખુબ જ સુંદર anchoring કર્યું હતું. જેને મજબૂત સહકાર યુવા પૂર્વ વિદ્યાર્થીઓ ચિંતન શાહ, ખુશી અવાશિયા અને છેલ્લે મિતાઈ શુક્લએ આપ્યો હતો. કલાનિકેતનના વર્તમાન વિદ્યાર્થીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓએ અમુક જાણીતા ગીતોની tunes વગાડી હતી અને સમગ્ર માહોલ વિદ્યાવિહારના રંગે રંગાઈ ગયો હતો. ઉપસ્થિત જે-તે સમયના

શાળાના મહામંત્રીએ પણ આગળ આવીને પોતાના સ્મરણો વાગોળ્યા હતા. આ Open Mic session ખૂબ જ આનંદદાયક અને યાદગાર રહ્યું હતું. વિદ્યાવિહારની સહુને એક અમૂલ્ય ભેટ એવી વકતૃત્વ કળામાં સહુ વિદ્યાર્થીઓ પારંગત જ હોય છે. દરેકને આ open stage પર પોતાના સ્મરણો કહેવાની ઉતાવળ હતી અને સમય ઓછો હતો કેમકે ૮ વાગ્યાથી રંગભવનમાં સંગીતનો કાર્યક્રમ શરૂ થવાનો હતો. પરંતુ આ માધ્યમ દ્વારા અનેક વિદ્યાર્થીઓએ પોતાની માતૃસંસ્થા માટેની લાગણીઓ અભિવ્યક્ત કરી હતી.

### વિદ્યાવિહારમાં શરૂ થયેલ નવા આયામો:

વિદ્યાવિહારમાં કોરોના મહામારી પછી બાળકોમાં ઘણા બધા માનસિક અને ભાવનાત્મક પ્રશ્નો ઉદ્ભવ્યાં છે. જે માટે તેઓને યોગ્ય રીતે માર્ગદર્શન મળી રહે તે માટે Counselling Centreની શરૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત NEP (National Education Policy)-2020ને અનુલક્ષીને Experimental Learning અંતર્ગત Centre for Excellenceની શરૂઆત કરવામાં આવી છે. વિદ્યાવિહારના વાલી અને જાણીતા Onchologist ડૉ. ચિરાગ શાહના માર્ગદર્શનમાં આ માટે કામગીરી થાય છે.

### વિદ્યાવિહારના પૂર્ણ થયેલ પ્રોજેક્ટ અને ભવિષ્યના વિકાસલક્ષી પ્રોજેક્ટના બેનરો:

વિદ્યાવિહારના alumni supportથી પૂર્ણ થયેલ project અને ભવિષ્યના development projectsના બેનર સહુને વિદ્યાવિહારની વર્તમાન પ્રવૃત્તિઓ અને વિકાસલક્ષી પ્રોજેક્ટ અંતર્ગત જાણકારી માટે મુકવામાં આવ્યાં હતાં.

### રસબહાર લારી:

પૂર્વ વિદ્યાર્થીઓને બાળપણની યાદ અપાવવા બોર, આંબળા, કાતરા, ચણા, ખારેક, આંબોળિયા, ખારી શીંગ જેવી લારીમાં મળતી વસ્તુઓ સાથે રસબહાર લારી પણ સ્થળ પર રાખવામા આવી હતી. સહુએ બાળકો બનીને આનો ભરપૂર લાભ લીધો હતો.

### Food Court

Food Courtનું આયોજન પણ આવકારદાયક રહ્યું હતું. લગભગ ૧૦ થી ૧૨ જાણીતી વાનગીઓના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. અમદાવાદની જાણીતી food Itemની પસંદગી બધા જ વયજૂથને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. વિવિધ વાનગીઓનો સ્વાદ સહુએ માણ્યો હતો.

### સાથી વિદ્યાવિહાર કાર્યક્રમ:

રંગભવનમાં પ્રવેશતાં જ સહુને ૧૯૮૦ ની બેચના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્થા પર બનાવેલ 'સમર્પણ' ફિલ્મની રજુઆત માણવા મળી.

કવિ શ્રી ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' અને અન્ય અગ્રગણ્ય કવિઓ રચિત તેમજ વિદ્યાલયના જ પૂર્વ વિદ્યાર્થી અને ત્યારબાદ આદર્શ સંગીત શિક્ષક તરીકે ખ્યાતિ પ્રાપ્ત શ્રી ભાઈલાલભાઈ શાહના સ્વરાંકન કરેલ પ્રાર્થના મંદિરમાં ગવાતા ગીતો પ્રત્યે વિદ્યાવિહારના તમામ વિદ્યાર્થીઓ એક અનોખો અનુબંધ ધરાવે છે તે સર્વવિદિત છે. આ અન્વયે છેલ્લે રાત્રે ૮ થી ૧૦ કલાક દરમ્યાન સી. એન. રંગભવનમાં વિદ્યાવિહાર ગીતોનો કાર્યક્રમ 'સાથી વિદ્યાવિહાર' યોજાયો હતો. વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહે ઉપસ્થિત સહુને આવકારી સંક્ષિપ્ત ઉદ્બોધન કર્યું હતું.

ત્યારબાદ વિદ્યાવિહારના જ પૂર્વ વિદ્યાર્થી ગાયક કલાકારોએ અલગ ગીતોની રજૂઆત કરી હતી. તેમજ દર્શકોને સાથે લઈને સમૂહ ગીતો પણ ગાયા હતા. પ્રસ્તુત થનાર ગીતોની pdf file દરેકને



તેના મોબાઈલ નંબર પર મોકલવામાં આવી હતી. જેથી તેઓ પણ ગીતોમાં સાથે જોડાઈ શકે. શ્રી વિભા દેસાઇ, શ્રી આરતી મુન્શી, શ્રી અલ્પા શાહ, શ્રી જન્મેજય વૈદ્ય, શ્રી પ્રહર વોરા, શ્રી ઋજુલ શાહ, શ્રી રીયા શાહ, યેશા શાહ તેમજ શ્રી ઋષભ કાપડીયાએ વિદ્યાવિહાર ગીતોની સુંદર રજૂઆત કરી હતી. અંતમાં આરતી મુન્શી દ્વારા ગરબા Madley પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ રંગભવનના સ્ટેજ પાસે આવીને ગરબા શરૂ કરી અને હિલ્લોળે ચડયા હતા. સમગ્ર વાતાવરણ સંગીતમય બની ગયું હતું. શબ્દ અને સુરના અનોખા સંગમનો રસાસ્વાદ કલાકારોએ સહુને કરાવ્યો હતો. કવિ શ્રી તુષાર શુક્લ દ્વારા કાવ્યાત્મક શૈલીમાં સંચાલન કરવામાં આવ્યું હતું.



વર્તમાન સમયમાં જ્યારે ફિલ્મી સંગીત તેમજ અન્ય ગીતો તરફનો ઝુકાવ હોવા છતાં વિદ્યાવિહારના પ્રણાલીગત ગીતોને મળેલ અદ્ભુત પ્રતિસાદ ખૂબ જ આવકારદાયક હતો. વિદ્યાવિહારની ૧૧૧ વર્ષ દરમ્યાનની લગભગ ૪ પેઢીઓ અંતર્ગત ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓ દ્વારા આ કલા વારસાને જાળવી રાખી અને એને દિલથી માણવો એ એક અનન્ય ઘટના હતી.

### 'સ્નેહરશ્મિ'ના recorded કાવ્ય પઠનની પ્રસ્તુતિ

કાર્યક્રમની મધ્યમાં સહુના આશ્ચર્યની વચ્ચે જેની જાહેરાત પહેલાથી કરવામાં આવી નહોતી, એ કવિશ્રી ઝીણાભાઈ દેસાઈના recorded કાવ્ય પઠનની પ્રસ્તુતિ થઈ હતી. વિદ્યાવિહારના આ મહત્વપૂર્ણ પ્રસંગે વિદ્યાર્થીઓમાં અતિ લોકપ્રિય અને તેમના friend, philosopher અને guide બની રહેલ એવા શ્રી ઝીણાદાદાની પ્રત્યક્ષ ઉપસ્થિતિની અનુભૂતિ સહુને કરાવવાનો સંસ્થાનો આ એક નમ્ર પ્રયાસ હતો. જેણે સહુને ભાવવિભોર કર્યા હતા અને આ પ્રસ્તુતિને ખૂબ જ આવકાર મળ્યો હતો.




સંગીત સંચાલન શ્રી પ્રહર વોરાએ ખૂબ સુંદર રીતે કર્યું હતું અને શરૂઆતથી અંત સુધી એક સંગીતમય માહોલ રચી સહુને જોડી રાખ્યા હતા. સી.એન.સ્પોર્ટસ્ એકેડેમી અને કલાનિકેતનના નિયામક, શ્રી તૃપ્તિ રાવલે આભારવિધિ કરી હતી અને ૨૦૨૬માં વિદ્યાલયની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વર્ષભર વિવિધ કાર્યક્રમો થતાં રહેશે તેમાં જોડાવા સહુને વિનંતી કરી હતી.

અંતમાં કવિ શ્રી ઝીણાભાઈ દેસાઇ 'સ્નેહરશ્મિ' રચિત સંસ્થા ગીત-વિદ્યાવિહાર ગીત અમે નમીએ તને ચીર સાથી... ગાવામાં આવ્યું હતું. રાત્રિના લગભગ ૧૦:૩૦ કલાકે સમગ્ર રંગભવનમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ પોતાની mobile torch ચાલુ રાખી આમાં જોડાયા હતા, અને છેલ્લે પ્રણાલીગત ૨ મિનિટ મૌન પ્રાર્થના કરીને કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

ઉપસ્થિત સહુ માટે આ કાર્યક્રમ એક યાદગાર સંભારણું બની રહ્યો હતો. લગભગ ૨૫૦૦ જેટલા લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. સાંજના ૫ વાગે શરૂ થયેલ આ રસોત્સવ રાત્રિના લગભગ ૧૧ કલાકે પૂર્ણ થયો હતો.

### પરિસરની અંદર ફરવા માટે Auto Rikshawની સુવિધા:

સંસ્થાના ૬૫ એકરના વિશાળ પરિસરમાં સંસ્થાના સીનિયર પૂર્વ વિદ્યાર્થીઓ માટે વિદ્યાલયથી તેમજ અન્ય સંસ્થાઓમાંથી રંગભવન સુધી જવા માટે ખાસ Auto Rikshowની વ્યવસ્થા કરવામાં આવી હતી. કેમકે પોતાના વાહનો એકવાર પાર્કિંગમાં મૂકી દીધા પછી વારંવાર પરિસરની અંદર લઈ જવાથી traffic jam ના સર્જાય અને તેઓ સહેલાઈથી રંગભવન સમયસર પંહોચી શકે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી હતી.

### Valet Parking:

અવ્યવસ્થા ના સર્જાય અને સમયસર કાર્યક્રમમાં હાજરી આપી શકાય માટે Valet Parkingની સુવિધા પણ રાખવામા આવી હતી. વિદ્યાલયનું પાર્કિંગ, તેમજ ફાઇન આર્ટ્સ અને સ્પોર્ટ્સ એકેડેમીના મેદાનોનો પાર્કિંગ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. Valet Parkingનો સિનિયર પૂર્વ વિદ્યાર્થીઓએ ખાસ ઉપયોગ કર્યો હતો, અને આ સુવિધા ઘણી આવકારદાયક રહી હતી.

### Ambulanceની સુવિધા:

પરિસર પર લગભગ ૬ થી ૭ કલાક તમામ વયજૂથના પૂર્વ વિદ્યાર્થીઓ ભેગા થવાના હોય ત્યારે કદાચ જરૂર પડે તો ambulanceની સુવિધાથી Medical Treatment સમયસર મળી રહે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી હતી.

### Volunteers Service:




આ કાર્યક્રમમાં ડી. એલ. એડ. કોલેજ (પીટીસી) ના ૪૬ જેટલા તાલીમાર્થીઓ, અધ્યાપકો તેમજ આચાર્યએ volunteer તરીકે સેવાઓ આપી હતી. આ વિદ્યાર્થીઓ ભવિષ્યના શિક્ષકો છે. તેઓ જે શાળામાં શિક્ષક તરીકે જોડાશે ત્યાં આવા આયોજનોમાં સરસ રીતે કામગીરી કરી શકે અને આ એક અનુભવજન્ય કેળવણી બની રહે તે માટે તેઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેઓએ બપોરના ૪ કલાકથી રાત્રિના ૧૧ વાગ્યા સુધી ખૂબ જ ઉત્સાહપૂર્વક અને સુંદર રીતે આ પ્રસંગમાં કામગીરી કરી હતી. તમામ volunteersને appreciation certificate દ્વારા નવાજવામાં આવ્યા હતા.

### અતિથિગણ:

આ કાર્યક્રમમાં શેઠ સારાભાઇ મગનભાઇ ટ્રસ્ટ ફંડ(શેઠ સી.એન. વિદ્યાવિહાર)ના ચેરમેન શ્રી સુહૃદ સારાભાઇ, ટ્રસ્ટીઓ શ્રી કાર્તિકેય સારાભાઇ, શ્રી સૌભાગ્યચંદ શાહ તેમજ શ્રી મેઘા જાની ઉપસ્થિત રહ્યા હતા. ૧૯૫૦ની બેચના પૂર્વ વિદ્યાર્થીઓ 'પદ્મભૂષણ' ડૉ. કિરીટ પરીખ અને લેખક શ્રી સુધીર દલાલ તેમજ વિભા રાસબિહારી દેસાઇ, ડૉ. બિંદુ પ્રસાદ જેવા સીનીયર પૂર્વ વિદ્યાર્થીઓ તથા શ્રી ઝીણાભાઇ દેસાઇના પુત્ર શ્રી સિદ્ધાર્થ દેસાઇ, શ્રી ભાઇલાલભાઇ શાહના પુત્રી પુર્ણિમા શાહ, ઇન્દુમતીબહેન શેઠના દત્તક પુત્રી શ્રી શૈલીની શેઠ અમીન, અન્ય પૂર્વ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાવિહારની બધી જ સંસ્થાઓના નિવૃત્ત શિક્ષકોએ હાજરી આપી સહુને પ્રોત્સાહિત કર્યા હતા.

### પૂર્વ વિદ્યાર્થીઓના સતત સહકાર બદલ આભાર:

વિદ્યાવિહારના વિકાસ માટે અનેક પૂર્વ વિદ્યાર્થીઓ આગળ આવી રહ્યા છે. જે અંતર્ગત સી.એન.સેતુ, Alumni Core Committee અને વિદ્યાવિહારના ૧૧૧ વર્ષની ઉજવણી માટે C. N. 111 Yrs. Celebration એવા વિવિધ alumni group અને વિવિધ batchwise alumni group દ્વારા સંસ્થાને સતત ઘણો રચનાત્મક સહકાર મળતો રહ્યો છે. આ તમામ group સાથે સંકળાયેલ તમામ પૂર્વ વિદ્યાર્થીઓનો સંસ્થા પરિવાર હૃદયપૂર્વક આભાર માને છે. શ્રી નિતિન શુક્લ, શ્રી વંદન દલાલ શ્રી હેમાંશુ શાહ, શ્રી સંદીપ શ્રોફ તેમજ શ્રી જીગેન શેરદલાલે આ ઉજવણી અને તેના આયોજન માટે આપેલ સમય અને સહયોગ બદલ વિદ્યાવિહાર પરિવાર કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે.

### શુભેચ્છા સંદેશ:

પૂર્વ વિદ્યાર્થીઓ અને સંસ્થાના શુભચિંતકો દ્વારા આ કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન કરવા માટે અભિનંદન અને શુભેચ્છા સંદેશ મળી રહ્યા છે. વિદ્યાવિહારની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે, અને પરંપરાગત રીતે સંસ્થા સમાજને અનેક વિશિષ્ટ અને આદર્શ નાગરિકો આપી તેની સામાજિક જવાબદારી પણ નિભાવતી રહે એવી અભ્યર્થના.

– હેતલ મહેતા, ARO, શેઠ સી.એન. વિદ્યાવિહાર

# વિદ્યાવિહારની યાદોનો પટારો



- પ્રાર્થનામંદિર
- સ્પોર્ટ્સ ડે
- વીકલી ક્લાસનો કલ્ચરલ પ્રોગ્રામ ખુબ એન્જોય કરતા
- જ્યારે ઉદ્યોગ આવતો ત્યારે હું સિતાર વગાડતી તે ખુબ યાદ આવતો
- પ્રાર્થનામંદિર ગાંધી લેક્ચર
- ગૌરવ છે હંમેશા માટે સી. એન. સ્ટુડન્ટ
- હું બાલવાડીથી ધો. ૧૨ સુધી સી.એન. સ્ટુડન્ટ રહી છું

પારુલ વાડે - 1983 બેચ
અત્યારે પારુલ [illegible] એડવોકેટ
[illegible] 9428100409

---

સી.એન. 24-2-2023
- સ્કૂલ એજ [illegible] છે

સી.એન. સ્કૂલ એ અમારું બીજું ઘર છે. ઘરના સંસ્કાર મળ્યા પછી શિક્ષણના અને ગાંધીજીની ફિલોસોફીની જીવનના ભાગ બનાવવાની પ્રેરણા આ સ્કૂલે આપી અને જીવનને નવો [illegible] આપી.

ડૉ. નિલેશ ત્રિપાઠી
1979 (M.S.) Ophthalmology

---

૧૯૫૯ બેચ
સી. એન. વિદ્યાલયમાં અમારું સારું ઘડતર થયું. પ્રાર્થનામાં એકાગ્રતા - સાંસ્કૃતિક કાર્યક્રમો, પૂ. જીણાભાઈ દેસાઈનાં પ્રવચનો, વાયોલીન વાદક શશીકાંતભાઈ ગુંદાણીનું સરસ વાયોલીન વાદન, પૂ. દલાલ સાહેબની કડક શિસ્તપ્રિયતા, પૂ. લીલાબેન દીવાનની પ્રેમાળ આંખો, સત્યવ્રત સાહેબ, કરુણાશંકર સાહેબનો, મકરંદ સાહેબનો વિદ્યાર્થીપ્રેમ, ક્યારેક નહીં ભુલાય

My Mobl. No 9228118664
ગોપાલ શુક્લ
બેચ - ૧૯૫૯
A. [illegible]

---

Kuntal M. Shah
1983 batch.
1985

શાળા મારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા જ્યાં વહે.
આ શાળામાં ભણી એ મારે માટે જીવનનો મહોરો લ્હાવો છે. મારો આખો પરિવાર એટલેકે મારા પતિ અને મારી બંને દીકરીઓ પણ અહીં જ ભણ્યા છે. આ શાળા સાથેનો સંબંધ અતૂટ છે. પ્રાર્થનામંદિર તો ક્યારેય ભૂલાતું જ નથી. બધાં આવીને બધાને મળ્યા, ખૂબ આનંદ આવ્યો.
આવું reunion ફરી-ફરી થાય અને શાળામાં આવવાના મળે - મેળાપ થાય એ જ આશા.

કુંતલ એમ શાહ

---

ખૂબ ખૂબ આનંદ થયો. જૂના મિત્રો ને મળીને, જૂના શિક્ષકો ને મળીને ખૂબ જ ખુશી થઈ. કિશોર સર એ મારું નામ યાદ હતું તે જાણીને તો, હું ફરીથી વિદ્યાર્થી બની ગઈ હોઉં તેવી feeling આવી ગઈ.
Thanks to arrange this event.
Very very heartfelting experience.
School માં પોતાના class માં જઈને અને હોસ્ટેલમાં visit કરીને પણ જૂના દિવસો તાજા થઈ ગયા.
આવા event every year ગોઠવતા રહેજો. ફરીથી [illegible] કરીશું કે આવી [illegible] ખૂબ જ ખુશી થઈ.

Vidhi Kansara (Joshi)
2004 Batch

---

સી. એન. ની યાદો તો કદી ભૂલે જ નહિ. એ પ્રાર્થના મંદિરમાં હોંશે હોંશે પ્રાર્થનાઓ ગાવી. હું આઠમા ધોરણમાં ૧૯-૬૧ માં અંગ્રેજીમાં પ્રાર્થના મંદિરમાં બોલતી એનાથી ઘણાં સાથીદારોને ખૂબ આશ્ચર્ય થતું હતું. કારણ કે અમે અંગ્રેજી શીખવાની શરૂઆત જ ૮ મા ધોરણથી કરતાં હતાં. પ્રાર્થના મંદિરમાં એ વખતે ડૉ. જયંત નારળીકર અને શકુંતલાદેવી આવ્યા હતા તે આજે પણ માનસપટલ પર ઉપસેલું છે.

- સ્મૃતિ ઠાકુર (દેસાઈ)
[illegible] ૧૯૬૪

---

બિંદુ મહેતા . . . SSC-80/82

સી. એન. નો અમારું ઘડતર કરવામાં અમારું જીવન સંવારવામાં ખૂબ મોટો ફાળો છે. એમાં દર બુધવારે આવતા મહેમાનો.. એમના પ્રેરણાદાયી પ્રવચનો... સ્નેહરશ્મિ - જીણાભાઈ ના જીવનઘડતરનાં પાઠો... એ ~~પ્રાર્થનાભવન~~ પ્રાર્થનામંદિર જેમાં આ બધી પ્રવૃત્તિઓ.. સાંસ્કૃતિક કાર્યક્રમો... વાર્ષિકોત્સવ માટેની તૈયારીઓ.. એ રંગભવન..
એ ખાદીના વસ્ત્રો.. જોઈ લોકોને લાગતું. [illegible] પરીક્ષામાં સી. એન. નો પ્રથમ નંબર.. શિક્ષા સાથે જીવનઘડતરનાં પાઠ..
સંગીત, વાદ્ય, સીવણ, ચિત્રકામ, કાંતણ, સુથારીકામ, ખેતી.. આ બધાં ઉદ્યોગો ને પ્રવૃત્તિ તો ક્યાંય ન મળે.. તથા આરામ વિશાળ જગ્યા.. ખુલ્લા આકાશ ને ખુલ્લા મને વિચારવાની તક -

---

1997 - Batch

ચીકુની વાડી

ક્લાસમાંથી બેક મારી સાયકલ લઈને ચીકુની વાડી માં સંતાઈ જતા તા. ચોકીદાર પાછળ દોડે પણ સાયકલ ફટાફટ ભગાવી, ચીકુની વાડી માં અદ્રશ્ય થઈ જવાની મજા. બહાર થી ચોકીદાર દેખાય, પણ તે અમને જોઈ ના શકે. ૨ કલાક, એટલે બે ક્લાસ પછી, પાછા ક્લાસ માં જવું પડે કારણ કે બહાર ના જઈ શકાય 🙂
I love my school ♡ Pooja Raval

---

પ્રિય, વહાલી, અંતરના ઉંડાણ થી ઉભરી ઝંખેલી મારી શાળા, એટલે C.N. જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી એની યાદો, ક્યાંકને ક્યાંક ડોકીયા કરતી રહે.

2002 બેચ
કિરણ દવે

મારી C.N.
આપણી C.N.
સૌની C.N.

તુ છો - કે જેને જોઈએ
અને
આજે જીવીએ તો તું જ છે.

I Love U.

---

શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલય
આજે હું જે કાંઈ છું તે આ શાળાને આભારી છે. ખુબ સારું શિક્ષણ નિષ્ઠાવાન શિક્ષકો અને પૂ. શ્રી જીણાભાઈને કારણે ઘણા મહત્ત્વના વ્યક્તિઓને સાંભળવાનો મોકો મળ્યો ઘણા કલાકારોને સાંભળ્યા. અને ૭ વર્ષ શાળામાં ક્યાં ગયા તે ખબર ના પડી.
આપણી શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રાર્થના.

[signature]
ભરત રસિકલાલ ભટ્ટ
૧૯૭૦

---

આ શાળા એટલે જેણે મને સાચી ઓળખ કરાવવામાં ખૂબ જ ઊંડી ભૂમિકા છે અને ખૂબ મદદ કરી છે. મારા ઘડતરમાં અને મને બનાવવામાં ખૂબ ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો છે ને સંગીતના સૂર સાથે સતત જોડાયેલા રહેવામાં, શિસ્તતા, સાદગી ને એવા કેટલાક સંસ્કાર આપ્યા છે. અને આ જ શાળાએ મને ખૂબ ખૂબ પ્રેમભર્યા મિત્રોની ટોળકી પણ મને આપી જ [illegible] છે કે જેઓ આજે પણ સતત જોડાયેલ છે. આજે હું બી.એ. બનીને મારી જીવનની પ્રવૃત્તિઓ જેમકે હોકી, રમતું, સંગીત, [illegible] તે બધામાં [illegible] તે પણ આજ [illegible] શાળાને આભારી. તો ખૂબ ખૂબ ખૂબ આભાર આ શાળા અને અહીં ના શિક્ષકોનો.

[illegible],
(૨૦૦૨)

# રસોત્સવ મારી નજરે

રસોત્સવ શેઠ ચી.ન. વિદ્યાવિહારના ૧૧૧ વર્ષના ઇતિહાસનો એક અપ્રતીમ અનોખો ઉત્સવ બની ગયો.

'વિદ્યાવિહાર' એમાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓની રગેરગમાં વહે છે. એ એક સમાજ કુટુંબ છે. એક વખત એવો હતો કે વિદ્યાવિહારના વિદ્યાર્થી હોવું એ ઓક્સફર્ડ,કેમ્બ્રીજ કે હાવર્ડના વિદ્યાર્થી સમાન સન્માન ગણાતું. સમય,સમાજ,પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવે ગુજરાતીમાં શિક્ષણ અને બુનિયાદી પ્રવૃતિનું સન્માન ઘટતું ગયું અને સી.એન.નું નામ લોકજીભેથી વિસરાતું ગયું એવે વખતે રસોત્સવે વિદ્યાવિહારનું નામ જાણે ફરી ચેતનવંતુ કર્યું છે.



૧૯૫૦ ની મારી બેચના ૯૦ વટાવી ચૂકેલાથી માંડી ૨૦૨૩ સુધીની બેચના વિદ્યાવિહાર કુટુંબીજનોને એક સાથે એક જગ્યાએ એકઠા કરી હળવા મળવા, સંભારણાની 'તને સાંભરે રે..મને કેમ વિસરે રે'- આપ લે કરવા, સરનામું ,મોબાઈલ નંબરના આદાનપ્રદાન કરવા. હવે તો ફરી મળવું જ પડશે એવું વચન,આશ્વાસનને રસોત્સવના આ અભૂતપૂર્વ પ્રસંગે અનેરો મોકો આપ્યો.

સૌ પોતપોતાની બેચના સહાધ્યાયીઓને ખોળી ખોળી મળતા હતા. હું મારી બેચનું કોઈક તો મળશે એ અપેક્ષા સાથે બેઠો હતો.પણ ખેર! રસોત્સવનુ આયોજન એટલું સુંદર, પ્રોફેશનલ અને સંપૂર્ણ રહયું કે દરેકને માટે એક યાદગાર સંભારણું બની ગયું. સંસ્થા સાથે રહી સ્વેચ્છાએ પૂર્વ વિદ્યાર્થીઓએ આ પ્રસંગનું આયોજન સંભાળ્યું, ખૂબ જ પરિશ્રમ ઉઠાવ્યો અને જાણે ઘરમાં લગ્નપ્રસંગ હોય એવો જ સર્વાંગ સંપૂર્ણ ઠાઠ આપ્યો. પ્રસંગને સ્મૃતિમાં સચવાય એ માટે સેલ્ફીથી માંડી ગૃપ ફોટોગ્રાફીની, બેચનંબર સાથેની સુવિધા ઉભી કરી. એટલું જ નહીં પણ પોટ્રેટ કરી આપવા, ટેટૂ કરવા સગવડ કરી. ફુડકોર્ટ પૂરતું ન હોય તેમ શાળા સમયની યાદ તાજી કરવા લારી પણ રાખી જેમાં બોર, સીંગ, ચણા, ચૂરણ ખારેક કે પેપરમીંટ મળે.

પ્રસંગના લાભે ઉપસ્થિતોને પોતાની યાદના ક્લાસમાં જઈ પાટલી પર બેસી આવવા માટે વર્ગખંડો પણ ખૂલ્લા રાખ્યા અને ના ચાલી શકતા માટે રીક્ષાની સગવડ પણ કરી. અરે ન કરે નારાયણ ને જરૂર પડી તો એમ્બ્યુલન્સ પણ ખડી રાખી. હળીમળી યાદો વહેંચી, હસી મજાક કરી સૌ રંગભવનમાં એકઠા થયા અને ત્યાં એક અજોડ મેળાવડો થયો.

પ્રાર્થના મંદિરમાં ગવાતા ભાઈલાલભાઈએ સ્વરબધ્ધ કરેલા ગીતોની સી.એનના જ પૂર્વ વિદ્યાર્થીઓ લબ્ધપ્રતિષ્ઠ ગાયકવૃંદે પ્રસ્તુતિ કરી ત્યારે તો માહોલ એવો થયો કે સૌ વિનાક્ષોભે મૂક્તકંઠે ભૂતકાળ સાથે વણાઈ ગયેલા ગીતો ગાવા લાગ્યા અને આગળ આવી ગરબા કરવા લાગ્યા. સૌ જાણે વર્ષો પાછળ અતીતમાં ચાલ્યા ગયા હતા.

રસોત્સવના આયોજને એક એવો ચીલો ચાતર્યો છે કે હવે પછી આવા પ્રસંગો-ઉત્સવો વારંવાર ઉજવાય એવી માંગ ઉઠશે અને હાજર રહેલા પાસેથી વર્ણન સાંભળી, વિડીઓ જોઈ નિસાસો નાંખી 'રહી ગયેલા' પૂર્વ વિદ્યાર્થીઓ વેળાસર ટિકીટ નોંધાવી નાંખશે. રસોત્સવે જે એક ઉચ્ચ ધોરણ સ્થાપ્યું છે તેની માંગ વખતો વખત ઉઠશે. હવામાં આજ વહેતી થયેલી સી.એનના ખુશી સંસ્મરણોની ખુશખુશાલી હ્રદયમાં ભરી 'ચીર સાથી' ને નમી. સાત કલાકની આજે ખુશાલી લઈ સૌ છૂટા પડ્યા ત્યારે લગભગ મધરાત થવા આવી હતી. રસોત્સવે જૂદા સંદર્ભે પેલું કાવ્ય યાદ આવી ગયું.

"બેઠા ખાટે,ફરી વળી બધે
મેડીઓ ઓરડામાં
હીકાં હેતે સ્મૃતિપડ બધાં
ઉકલ્યા આપ રૂડાં"

શ્રી સુધીર દલાલ, ૧૯૫૦ ની બેચ

અદ્‌ભૂત !!! અવિસ્મરણીય !!! રોમાંચકારી !!! જૂની યાદો તાજી કરાવી દેનાર અને વર્ષો સુધી ભૂલી ના શકાય એવો મહોત્સવ એટલે આપણી માતૃસંસ્થા શેઠ ચી ન વિદ્યાવિહારનો પ્રોગ્રામ રસોત્સવ ૨૦૨૪ !!!



માતૃસંસ્થા - અને માતૃભાષા પ્રત્યે અત્યંત પ્રેમ હોવા છતાં આવા સુંદર પ્રસંગની સચોટ સમીક્ષા ગુજરાતી કરતાં અંગ્રેજીમાં વધારે સારી રીતે થઇ શકશે એવું લાગે છે એટલે બધાની ક્ષમાયાચના સાથે ....

Things I enjoyed the most :

Meeting my batchmates from SSC 1967, meeting alumni from 1940s to 2023, visiting the classrooms, open mike session, food stalls, group photo session , and obviously the musical program in Rangbhavan where top class singers - all CN Alumni - brought back beautiful memories of Prarthana Mandir songs, Pujya Zinadada, Shri Bhailalbhai Shah and gave heavenly feelings.

What impressed me the most ?

Planning and execution of all activities required for successfully organizing such a huge event. Everything starting from all the activities for alumni mentioned above , musical program, layouts of Rangbhavan and the activities ground, communication, registration process, valet parking, entry process was planned in great detail and executed flawlessly with the use of the latest technology. It would be difficult to find any fault anywhere!!!

Getting a link for downloading individual photographs by the use of Face Recognition Technology was a pleasant surprise, a classic example of use of technology and attention to details.

Heartiest congratulations to the organizing team.

Looking forward to many more such events in future.

Pratik Munshi (SSC 1967)

દરેક વ્યક્તિ ઉંમરનાં એક એવાં પડાવ ઉપર પહોંચે ત્યારે બાળપણની ઘણી વિશેષ વાતો નજર સમક્ષ એક સિનેમાની પટ્ટી સ્વરુપે ઘણી વાર આંખ પાસેથી પસાર થાય.



એવું જ મારું થયું. સંસારની અમુક જવાબદારીમાંથી મુક્ત થયાં ત્યારે બાળપણનાં શાળાકીય અનુભવ યાદ આવ્યાં. એક દિવસ એમ જ કોઈ કારણ વગર બાળપણનાં ફોટા લઈને બેઠી હતી અને સી. એન. સ્કૂલમાં મળેલ મિટિંગમાં જાણ્યું કે આ વર્ષે શાળા ૧૧૧ વર્ષ ઉજવવાનું પ્લાનીગ કરે છે. મન અને શરીરમાં એક પ્રકારની સ્ફૂર્તિ ફેલાઈ ગઈ. બધાં મિત્રોને કહેવા લાગી. રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવા લાગ્યાં. આખરે જેની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ચોવીસમી ફેબ્રુઆરીનો દિવસ આવી પહોંચ્યો. સવારે ઉઠતાં વેંત ઝડપથી કામો પતાવતી હતી ત્યાં સાંજનાં પાંચ ક્યાં વાગી ગયાં એનો ખ્યાલ ના રહ્યો. અમે જીવનસાથી સી.એન. વિદ્યાવિહારના સાથી. ફાઈન આર્ટ્સ કોલેજનો ઝાંપો આવતાં મારાં શરીરમાં એક બાળકી ઘુસી ગઇ હતી. બસ બોલબોલ કરવાનું ચાલુ' એન. સી. સી. માટે આ જગ્યાએ આવતાં વળી શું તોફાન કરતા વગેરે વગેરે..

થોડાં મિત્રો મળ્યા એટલે અમે પ્રાર્થના મંદિર અને હાઈસ્કૂલ તરફ જવા લાગ્યાં. જુના વિદ્યાર્થીઓના ટોળે ટોળાં ઉત્સાહભેર જતાં આવતાં જોવા મળ્યાં. બધાં પૂર્વ વિદ્યાર્થીઓ જાણે એકબીજાને ઓળખતા હોય તેવાં સ્મિત સાથે સામે જોતાં.

પૂર્વ વિદ્યાર્થીઓ એટલે એમાં ઓગણીસો પાંસઠની સાલમાં પાસ થઈ આગળ વધ્યાં હોય ત્યાંથી માંડીને ૨૦૨૩માં પાસ થયેલાં પણ ખરાં. વ્યવસ્થાપક મિત્રોએ વડીલ વિદ્યાર્થીઓ માટે ઓટો રીક્ષા પણ રાખેલી. બહુ જ બારીકાઈથી આખું આયોજન જોવાં મળ્યું.

શાળાની ઓફિસ પાસે પૂર્વ શિક્ષકોને મળ્યાં. આ દિવસે બધાં વર્ગ ખુલ્લા રાખવામાં આવ્યાં હતાં. ઘણાં બધાં વિદ્યાર્થીઓ અંદર પોતાની બેન્ચ ઉપર બેસી ફોટા પડાવતાં હતાં. મને તો શાળાનાં ક્યા ખૂણે છું અને ક્યાં ના છું એવી દ્વિધા થતી હતી. સમય મર્યાદા પણ હતી. વાતો વાગોળતા રંગભવન તરફ પહોંચવા જરાં ઉતાવળ કરવી પડી.

રજીસ્ટ્રેશન ટિકિટ બતાવી અંદર ગયાં. જમણી બાજુ નજર નાખી તો એક લાંબા પડદાં પર શાળાની મુલાકાતે આવેલાં મહાનુભાવોના ફોટાં, ઈતર પ્રવૃત્તિઓ, રાસ ગરબાનાં ફોટાં જોતાં થયેલાં ગૌરવમાં વધારો થયો.

ડાબી બાજુ ખાણીપીણીનાં સ્ટોલ્સ હતાં. સૌ પ્રથમ તો ટીગટીગ શીંગની પુડીયા લઈ ફાકતા આગળ વધ્યાં. અમારા આઠેક જણાંનાં ગ્રુપમાં બધાં જુદું જુદું લઈ એક ટેબલને ટોળે વળી ભેળપૂરી, પીઝા, ઢોંસા, વગેરે જુદાં જુદાં નાસ્તા ઉપર તૂટી પડ્યાં. શાળામાં ભણતાં હતાં ત્યારે ઝાડ નીચે બેસીને નાસ્તો કરતાં એ દિવસ વાગોળવાની બહુ મજા આવી.

સમય પાછો દોડ્યો એટલે અમે એકપણ ગીત ચુકી નાં જઈએ એટલે રંગભવનમાં ગયાં. સારી જગ્યા મેળવી ગોઠવાઈ ગયાં. સૌ વિદ્યાર્થીઓને જે ગીતો ગાવાનાં હતાં તેની PDF File ગીતના ક્રમ સાથે મોકલી આપવામાં આવી હતી તે કાબિલે દાદ હતી.

બસ પછી તો એક પછી એક ગીત ગવાતાં ગયાં અને ઓડિયન્સમાં પણ શૂરાતન ચઢવા લાગ્યું. અમુક ગીત આંખ ભીંજવી ગયાં તો અમુક જોમ લાવતાં ગયાં. મને લારીના કાતરા ખાવાનાં રહી ગયાં હતાં એમ બે ચાર વાર બોલી હોઈશ ત્યાંતો આગળની ખુરશી પરની યુવાન પૂર્વ વિદ્યાર્થીનીએ આખી એની કાતરા, પિપરમીટ ભરેલી ડીશ મને આપી દીધી. જાણે એકજ ધોરણનાં વિદ્યાર્થી હોઈએ. સંગીત પછી તો ગરબાની રમઝટ ચાલી. બરાબર અગિયાર વાગે પરંપરા મુજબ બે મિનિટનું મૌન રાખી છુટાં પડ્યાં. અમારે તો હજી ઘરે નહોતું જવું એટલે પાછાં નાસ્તો કરવા ગયાં. રસોત્સવના આયોજનથી માંડી બધી વ્યવસ્થા સુંદર હતી. મને તો જાણે બાળપણનો એક દિવસ ફરી જીવવા મળી ગયો. સંસ્થાનો આભાર માનું એટલો ઓછો..

સ્વાતિ શાહ, ૧૯૭૬ની બેચ

સી. એન. વિદ્યાવિહાર સંકુલની બધી જ સંસ્થાનાં પૂર્વ વિદ્યાર્થીઓનું અભૂતપૂર્વ સ્નેહમિલન યોજાયું શનિવાર, ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ. ગત વર્ષે સી. એન.ના શૈક્ષણિક વટવૃક્ષની સ્થાપનાને ૧૧૧ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે આદરેલ ઉત્સવ પ્રવૃતિઓની હારમાળાનું સૌથી ઝળકતું મોતી એટલે રસોત્સવ ૨૦૨૪!

આ અદભૂત પ્રસંગે દરેક ઉંમરનાં પૂર્વ વિદ્યાથીઓ અવનવી પ્રવૃતિઓમાં ભાગ લઈને રસ તરબોળ થઈ ગયા. સંસ્થાઓનાં વર્ગખંડ ખુલ્લા રખાએલ એટલે વિદ્યાર્થીઓ પોતપોતાનાં જૂના વર્ગમાં જઈ શક્યા, યાદો વાગોળી અને એ મુલાકાત છબીમાં કંડારાઈ ગઈ.



રંગભવનની બાજુના પ્રવેશપથમાં જૂના પ્રસંગો આવરી લેતી તસ્વીરોનું અદભુત પ્રદર્શન સજાવ્યું હતું અને પૂર્વ વિદ્યાર્થીઓ એ જોઈને યાદોમાં ખોવાઈ જતા દેખાયાં. સહુ મુલાકાતીઓએ કેરિકેચર અને ટાટુ મૂકવાની પ્રવૃતિ ઉત્સાહભેર માણી. જૂના મિત્રો મળ્યા અને ઉમળકાભેર ''આઈ લવ સીએન'' અને ''ફોટો બૂથ'' આગળ તસ્વીરો ખેંચાવડાવી. એમની ચિચિયારીઓ અને ખુશાલી થી વાતાવરણ ગુંજી ઊઠેલું.

ઑપન માઈકે પ્રસંગને એકદમ જીવંત બનાવી દીધો. પૂર્વ વિદ્યાર્થીઓએ ગીતો ગાયાં, સંસ્મરણો રજૂ કર્યા અને બહેન ફાલ્ગુનીએ પૂછેલ પ્રશ્નોનાં સાચાખોટા જવાબો પણ આપ્યાં. ખાણીપીણીની વ્યવસ્થાએ તો ચાર ચાંદ લગાવી દીધાં. રસબહાર લારી અને શીંગની લારી પણ આકર્ષણનું કેન્દ્ર બની ગયાં.

પણ રસોત્સવનું ઘરેણું એટલે પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાએલ વિદ્યાવિહારનાં ગીતોનો સુરીલો કાર્યક્રમ. એમાંય ખાસ કરીને આપણાં સહુના લાડીલા ઝીણાદાદાનાં રચેલ અને ભાઈલાલભાઈ સાહેબનાં સંગીતબદ્ધ કરેલાં ગીતો તો દરેક પ્રેક્ષકે ઝીલી લીધેલાં. એ માહોલ તો જાણે સહુને એક આગવી દુનિયામાં લઈ ગયો. દરેક પેઢીનાં વિદ્યાર્થીઓની આંખો લાગણીથી ભીની થતી જોઈ. કવિશ્રી તુષાર શુક્લે સંગીત સંધ્યાનું સુંદર સંચાલન કર્યું.

સી. એન. સંકુલના નિયામક ડૉ. વૈશાલીબહેન શાહનાં નેતૃત્વ હેઠળ આ યાદગાર આયોજનનાં સહુ સ્વયંસેવકોને ખૂબ ખૂબ અભિનંદન!

સંદીપ શ્રોફ (૧૯૭૭ - ૧૯૭૯ બેચ)

સી.એન. વિદ્યાવિહારની સ્થાપના ૧૧૧ વર્ષ પૂર્ણ કર્યાની ભવ્ય ઉજવણી નિમિતે ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪ની સલૂણી સંધ્યાએ રંગભવનના પ્રાંગણમાં ૨૫૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની અભૂતપૂર્વ હાજરી વચ્ચે એક અત્યંત યાદગાર અવિસ્મરણીય અને ભવ્ય કાર્યક્રમ 'પૂર્વ વિદ્યાર્થી મિલન' યોજાયું. આ દિવસ મારા માટે ખરેખર ઉત્તેજનાસભર, લાગણીસભર અને શાળાજીવનનાં સોનેરી સુખદ સંસ્મરણો વાગોળવા માટેનો સુંદર દિવસ બની રહ્યો. શાળાના મેનેજમેન્ટ, સી.એન.૧૧૧ઉજવણી ગ્રુપના પૂર્વ વિદ્યાર્થીઓના અથાગ પ્રયાસો અને સુંદર સચોટ પૂર્વ આયોજનને કારણે આ મિલન કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો. તે ઉપરાંત પી.ટી.સી.ના વિદ્યાર્થીઓની માર્ગદર્શનની કામગીરી પણ ખરેખર પ્રશંસાને પાત્ર છે. જૂના અને નવા વિદ્યાર્થીઓ કે જેમના પૌત્ર-પૌત્રીઓથી લઈને ૯૦ વર્ષના



દાદાઓ સાથે ત્રણ-ત્રણ પેઢીની હાજરી જોવા મળી જે અત્યંત આહલાદક દ્રશ્ય હતું. આ વિદ્યાર્થીઓએ શાળાના મહાન વર્ગખંડોની મુલાકાત લઈને શાળાજીવનના સોનેરી _સુમધુર સંસ્મરણો વાગોળ્યા અને પ્રાર્થનામંદિર કે જે સી.એન.નાં દરેક વિદ્યાર્થીનું અવિભાજ્ય અંગ હતું તેની પણ મુલાકાત લઈને વર્ગ કાર્યક્રમો,સાહિત્યકારો,કવિઓ સાથેની ગોષ્ઠિઓ વગેરેની યાદો તાજી કરી.ત્યારબાદ ફરી શાળાના વિદ્યાર્થી બની તોફાન મસ્તી કરતાં કરતાં રંગભવનના સુંદર પ્રાંગણમાં પહોંચી ગયા, જ્યાં હજારોની સંખ્યામાં અભૂતપૂર્વ મેળાવડો જામ્યો હતો. જૂના મિત્રો અને ઓળખીતા મિત્રોને ફરીથી મળવાની અદમ્ય ઈચ્છા સાથે મારી નજર સતત આમ-તેમ ફરતી હતી. શાળાજીવનમાં વિતાવેલ અમૂલ્ય સમયની સુવર્ણ યાદોને પુર્નજીવીત કરતાં રંગભવનના કેમ્પસે તો ફરી થી બાળક બનાવી દીધા. રસબહારની લારી, ટેટૂ, ખાણી-પીણીના સ્ટોલ, ફોટો ગેલરીમાં મિત્રો, બેચમેટ્સ સાથે સેલ્ફીઓ અને ગ્રુપફોટો સૌએ લીધા એનો અનેરો આનંદ માણ્યો. એમાં સૌથી વિશેષ આનંદ તો અમારી ૧૯૮૦-૮૨ ની બેચના વિદ્યાર્થીઓની ઘણી મોટી હાજરી હતી તે બાબતે ગૌરવ અનુભવ્યું. ઓપન માઈકમાં પણ ઘણા મિત્રોએ પોતાના સુખદ અનુભવો, સંસ્મરણો જણાવી ખૂબ ભાવુક બન્યા અને અન્યને પણ ભાવુક બનાવ્યા.

શાળાના વારસાના ગૌરવંતા ઇતિહાસની ઝાંખી કરાવતી ''સમર્પણ'' ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ સૌએ માણી અને માહિતગાર થયા. ત્યારબાદ મિત્રો સાથે તોફાન-મસ્તી કરતાં, આનંદ કરતાં જેની અમે આતુરતાપૂર્વક રાહ જોતાં હતાં તેવો પ્રાર્થનામંદિરમાં ગવાતા સુંદર ગીતોનો કાર્યક્રમ માણ્યો. જૂના અને નવા વિદ્યાર્થી મિત્રોના સૂરીલા કંઠે સંગીતના સૂરો રેલાયા જૂની સ્મૃતિઓને તાજી કરતાં ગીતોને યાદ કરતાં અમે પણ કાનસેનમાથી તાનસેન થઈ ગયા અને સાથે-સાથે ગીતો ગાયાં અને ત્યાર પછી રંગભવનની આગવી અને અનેરી ઓળખસમા ગરબા કે ભૂલાય ? એટલે અંતમાં સૌએ ગરબાની રમઝટ દિલથી માણી.

ખરેખર એક અત્યંત સફળ અને સચોટ આયોજનના લીધે આ ''પૂર્વ વિદ્યાર્થી મિલન '' કાર્યક્રમ અવિસ્મરણીય યાદગાર બની ગયો અને સદાય બની રહેશે. ફરી આવા જ સુંદર કાર્યક્રમમાં ફરી મળવાની અદમ્ય ઈચ્છા સાથે.

સોનલ નાગોરી દેસાઇ, (૧૯૮૦-૮૨ બેચ)

શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર (સી. એન.) ના સંકૂલમાં પગ પડે એટલે છેલ્લા ૫૪ વર્ષ પૂર્વેના સંસ્મરણો તાજા થાય. તે સમયે ગુજરાત રાજ્યમાં નહીં બલ્કે પૂરા ભારતમાં આવી સંસ્થાઓ આંગળીને વેઢે ગણી શકાય તેવી હશે કે જેમાં બાળકનું સર્વાંગી રીતે ઘડતર થાય. ભણવાની સાથે લલિતકલાઓ જેવી કે સંગીત, ચિત્ર , વાદ્ય



તથા સીવણ ,સુથારી ,ખેતી જેવા અનેક વિધ વિષયોના જ્ઞાનની પ્રાપ્તિનું સ્થાન એટલે સી. એન. આ વર્ષે સી. એન.ના ૧૧૧ વર્ષ પૂર્ણ થયા તે અંગેની ઉજવણી રૂપે યોજાયેલા રસોત્સવમાં ઉમળકાભેર સહભાગી બનવાની તક મે ઝડપી લીધી. શાળા દરમ્યાન જેમની સાથે આજીવન મૈત્રી બંધાઈ તેવા મિત્રો તથા વડીલોને મળવાનો મોકો મળ્યો. સી. એન. ના પટાંગણમાં પગ પડે એટલે સ્વાભાવિક રીતે અમારા વખતના અનેક સમર્પિત શિક્ષકોની સ્મૃતિઓ તાદ્રશ થઈ દિવંગત શિક્ષકોની ચેતનાનો અનુભવ જુદું જ રોમહર્ષણ કરાવી ગયો. અને રંગભવનમાં સર્વ શ્રી ભાઇલાલભાઇ, લાલજીભાઇ, સુરેશભાઇ તથા માલતીબહેન વિશેષ યાદ આવ્યા. આ તબક્કે શ્રી મનોજ ખંડેરિયાની પંક્તિઓ કહેવાનું મન થાય.

''વિતેલા બાળપણનો હાથ ઝાલીને જરા નીકળો.

''નર્યા વિસ્મયની ક્ષણનો હાથ ઝાલીને જરા નીકળો''

આ સંસ્થામાંથી જિંદગીના વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ મેળવી હોય તેવા અનેક પૂર્વ વિદ્યાર્થીઓને પણ મળવાનું થયું. શ્રીમતી માણેકબા એ જ્યારે આ સંસ્થા શરૂ કરી હશે ત્યારે તેમને પણ આ સંસ્થા આવી ગૌરવવંતી બનશે તેવી કલ્પના નહીં હોય. આદરણીય ઇન્દુમતી બહેન અને ઝીણાભાઈ દેસાઇ (સ્નેહરશ્મિ)ના સાનિધ્યમાં તે વખતના મહાન કેળવણીકારો અને કવિશ્રીઓ પણ પ્રાર્થના મંદિરમાં આવતા અને તેમની વાણી દ્વારા સંસ્કારનું સિંચન કરી ગયેલા તે કેમ ભૂલાય? ખાસ કરીને શ્રી ઉમાશંકર જોશી, કવિશ્રી સુંદરમ, કવિશ્રી ઉશનસ કેટકેટલા નામ લઉં? અંગત વાત કરું તો ભણવામાં મેં ખાસ ઉકાળ્યુ નહોતું પણ અન્ય રીતે જે ઘડતર થયું તે જરૂર આ શાળાના પ્રતાપે . ઉપરાંત અમારા સંગીત શિક્ષક શ્રી સુરેશભાઇ પરીખે મારામાં એક સારો સિતારવાદક જોયો એ તો જાણે એક હળવી વાત થઈ, પરંતુ શાળા અને તેના વાતાવરણને લીધે જ સંગીત પ્રત્યે ઊંડો લગાવ જાગ્યો જેને કારણે આજે પણ શાસ્ત્રીય સંગીત શ્રવણની એક પણ તક હું ચૂકતો નથી. આ વખતે રસોત્સવમાં હાજરી આપી ત્યારે હૃદય તો નાચી જ રહ્યું હતું પણ ગરબાના તાલે ખરેખર ઝૂમી ઊઠયો. આવનારી પેઢીના વિદ્યાર્થીઓને એટલું જ કહીશ કે સંસ્થાની કેળવણીનો ભરપૂર ફાયદો ઉઠાવજો. નસીબદાર વિદ્યાર્થીઓને જ આ શાળામાં જીવનના મૂલ્યવાન વર્ષો ગુજારવાનો લાભ મળે છે. મને ખાતરી છે કે આ શાળા થકી સફળ કારકિર્દી અને સંસ્કારી જીવન પામી તમે સુસંસ્કૃત નાગરિક બનશો. છેલ્લે હું અમારા ગુરુઓની સ્મૃતિવંદના કરી શ્રી મનુભાઇ ત્રિવેદી (સરોદ)ની નીચેની પંક્તિ ટાંકીને વિરમું છું.

''અમને ગુરુ મળ્યા છે ગરવા, એના શબ્દો ગયા સોસરવા''

જય વિદ્યાવિહાર.

જયહિન્દ

પ્રેમલ નાણાવટી, ૧૯૭૮ની બેચ

રસોત્સવથી બસ ૫ દિવસ પહેલા મેં એન્ટ્રી ટિકિટ લીધી હતી, કેમ કે એની પહેલા મારા રિસર્ચના કામને લીધે ભાગ લેવાનું શક્ય બને કે નહીં એવું નક્કી હતું નહીં. કામ પૂરું થતા જ તરત હું રસોત્સવ માટે ભાગી આવેલો. સી એન ની અવાર-નવાર મુલાકાત હું લેતો રહ્યો છું, પણ આ કંઈક અલગ હતું. કંઈક રોમાંચક હતું. અને એટલે જ એમાં હિસ્સેદારી લેવી એવું નક્કી કરી લીધેલું. સી.એન. સાથેનો સંબંધ ખાસો



જુનો છે. ૨૦૦૫ ની સાલથી, આ સંસ્થા સાથે જોડાયેલો રહ્યો છું. ૨૦૧૨માં, બારમું પાસ કર્યા પછી, જ્યારે કોલેજમાં ગયા ત્યારે સમજાયું કે સી એન એ કેવા મૂલ્યો શીખવાડ્યા છે.

હવે રસોત્સવની વાત કરીએ.

આ પ્રસંગ, કે ઈવેન્ટ, કે મિલન-મેળો, જે કહો તે, કંઈક અનોખુ જ હતું. પહેલા પણ આવા પ્રસંગોમાં હાજરી આપેલી છે, પણ ૧૧૧ વર્ષે સી.એન. આટલી મોટી ઉજવણી કરશે એવું ધાર્યું નોહતું. અને જ્યારે કાર્યક્રમ જોયો કે બધા જ ક્લાસીસ ખુલ્લા મુકાશે અને એમાં છૂટથી ફરવા અને અમારી પુરાણી યાદો તાજા કરવાની તક મળશે, બસ બીજુ શું જોઈતું હતું? મને એમ હતું કે બહુ થોડા લોકો આવશે, અને આપણે શાંતીથી ફરી શકશું. પણ ના, જઈને જોવું છું તો માનવ-મહેરામણ છે. સી.એન.નો જાણે મિની-કુંભ મેળો. ચારે બાજુ ઉત્સાહ જોવા મળે, જ્યાં નજરો જાય ત્યાં જૂના નવા જૂનિયર સીનિયર બેચના લોકો, પોતાની વાર્તાઓ સંભળાવતા. હું પણ મારા એક દોસ્તને સાથે લઈને ગયો હતો. એ તો પહેલેથી સી.એન.માં હતો, હું થોડો મોડો જોડાયો હતો, પણ અમે એક જ ક્લાસમાં છેલ્લે સુધી સાથે રહ્યા. આવા તો બહુ લોકો, આમ તેમથી મળી ગયા, કેમ કે મોટા ગ્રુપમાં નક્કી કર્યા વિના ઘણા લોકો એમ જ ટપકી પડ્યા હતા. ક્યુરિઓસીટી, યૂ નો!

જે કહો તે, પુરા કાર્યક્રમમાં ક્યારેય એવું ના લાગ્યું કે સી. એન. બદલાઈ ગઈ છે. નાનપણથી ગુજરાતીમાં જ ભણ્યા, વિજ્ઞાન અને ગણિત પણ, અને એનું મહત્વ તો સ્કૂલથી બહાર નીકળતા જ સમજાઈ ગયું હતું. સી.એન. એ ગુજરાતીમાં શિક્ષણ આપવાનો વારસો હજુય જાળવી રાખ્યો છે, અને આગળ પણ જાળવી રાખશે, એ જોઈને ખુબ આનંદ થયો. હું ખુદ માતૃભાષામાં શિક્ષણને પ્રોત્સાહન આપું છું, અને આનો પાયાનો ખ્યાલ એ સી.એન. એ મને આપ્યો છે. કઠિન સિદ્ધાંતોને વિવેકપૂર્વક વિચારવાની ક્ષમતા અને સમજ, એ માતૃભાષાથી જ મળે એવું મારું માનવું છે. જીવનભર સફળતાપૂર્વક શીખવાની ધગશ, ગર્વ, અને આત્મવિશ્વાસ મને સી. એન. થકી મળ્યા છે. આ સંસ્થાનો ૧૧૧ વર્ષનો પ્રવાસ, જેણે કેટલાય હજારો વિદ્યાર્થીઓના મન પ્રજ્વલિત કર્યા છે. સમાજની બદલતી જરૂરતોને ધ્યાનમાં લઇને તે બાળકોના શિક્ષણ માટે કેવી રીતે અનુરૂપ થવું એવું જાણે છે અને એટલે જ આટલી બધી પેઢી માટે એ પાયો બની છે.

સૌથી મજાની વાત રસોત્સવની એ હતી કે અશિસ્તને કારણે શિક્ષકોનો અમે જે સ્વરૂપમાં પ્રકોપ ઝીલ્યો હતો, એ જ સ્વરૂપમાં ફરી જોવા મળ્યા. પણ હવે તો ડરને બદલે આભારની લાગણી હતી, અને એમની આંખોમાં પણ ગુસ્સાને બદલે ભરપૂર આવકાર હતો. એટલું જ નહિ, જૂના અને નવા પટાવાળાને પણ મળવાનું લોકો ચૂક્યા નહીં. સી. એન. સાચ્ચેજ એના તમામ લોકોને સમાન નજરે જુએ છે અને એમની કદર કરે છે. એની સાથે પૂરી સંસ્થામાં ફરવાની છૂટ, અને ક્લાસીસ જોવાની છૂટ એટલે બસ બીજુ શું જોઈએ! લોકોને પોતાના ક્લાસીસ જોવાની, અને ક્લાસ બદલાઈ ગયો હોય તો એ શોધવાની, મેદાનમાં લપસણીની નીચેના ભુંગળાંમાં ફરી બેસી જવાની જે મજા આવી, અને એમને જોઈને અમને પણ મજા આવી. રસોત્સવ થકી અમારી અંદરના બાળકને આ સંસ્થા ફરી બહાર લઇ આવી, કે જેને સવાલો પૂછવાનું, રમવાનું, મિત્રો બનાવવાનું અને સપના જોવાનું પસંદ હતું. આ સમગ્ર કાર્યક્રમ, ખાસી મહેનત, યોજના, અને ધૈર્ય માંગી લે, એટલે સફળતા પૂર્વક એને પાર પાડવા બદલ સંગઠક મિત્રોને ખુબ ખુબ શુભેચ્છાઓ. રસોત્સવ એક યાદગાર અનુભવ છે, અને સી. એન. થકી મને આ મોકો મળ્યો એ બદલ સંસ્થાનો અને તમામ લોકોનો હું આભારી છું.

પાર્થ મહેતા ૨૦૧૦ની બેચ

મને હંમેશાથી એક વસવસો હતો કે હું ક્યારે પણ ઝીણાદાદા કે ઇન્દુમતીબહેનને મળી નથી શક્યો કે એમના હાથ નીચે ભણ્યો નથી. સી.એનમાં જયારે પણ ફરતો હોઉં ત્યારે વિચારું કે આ જગ્યાએ જ ઝીણાદાદા બેઠા હશે, અહીંયાથી ચાલતા હશે. આવી ઘણી કલ્પનાઓ કરીને મન મનવી લેતો હતો. પણ ૨૪મી ફેબ્રુઆરીએ જયારે સી.એન. ગયો ત્યારે લાગ્યું કે ઝીણાદાદા અને ઇન્દુમતીબહેનને મળી લીધું. રસોત્સવ નિમિત્તે વર્ષો જુના વિધાર્થીઓ સી.એન.ના કેમ્પસમાં ફરી રહ્યા હતા અને એમના દિવસો યાદ કરી રહ્યા હતા ત્યારે એમની યાદો અને આંખોમાં મેં ઝીણાદાદા અને ઇન્દુમતીબહેનને જોયા. પોતાના ભુતકાળમાં ખોવાયેલો હું ધીમે ધીમે ફરતા ફરતા રંગભવન પહોંચ્યો. ઋષિકેશમાં ગંગા માતાના ઘાટ



પર સાંજે આરતી કરવા ભક્તોની ભીડ ઉમટે છે તેવી અનુભૂતિ મને રંગભવનના પ્રાંગણમાં થઇ. સી.એન. હોય અને મંચ ના હોય એવું શક્ય છે? પ્રાંગણમાં 'ઓપન માઈક' માટેનું મંચ હતું. આ મંચ પરથી જેને જે અભિવ્યક્તિ કરવી હોય તેની છૂટ હતી. એક પ્રવૃત્તિના ભાગરૂપે ત્યાં હાજર બધા જ પૂર્વ મહામંત્રીઓને મંચ પાસે બોલાવ્યા ત્યારે એક પૂર્વ મહામંત્રી તરીકે હું પણ ગયો અને સી.એન.ની આ સંસ્કૃતિના ભાગ હોવાનું ગૌરવ થયું. ૧૯૪૯ અને ૧૯૫૧ની બેચના વિદ્યાર્થીઓ પણ અહીંયા હાજર હતા એટલે એમના અનુભવો સાંભળવાની પણ બહુ મજા પડી. એ મંચ પર બધા સરખા થઇ ગયા હતા, કોઈ નાનું નહિ, કોઈ મોટું નહિ, બધા સ્નેહરશ્મિના સંતાનો જ હતા. સાંજથી રાત થઇ અને જે કાર્યક્રમ માટે મળ્યા હતા એવા સંગીતના કાર્યક્રમની શરૂઆત થઇ. બધાએ પોતપોતાના મિત્રો સાથે રંગભવનમાં સ્થાન લીધું. સંગીતનો કાર્યક્રમ શરુ થયો અને એક પછી એક વિદ્યાવિહારના ગીતોએ આખા પરિસરને સંગીતમય કરી નાખ્યું. અદ્દભુત ગાયકો અને સંગીતવૃંદે ખુબ આત્મીયતાથી બધા જ ગીતો રજુ કર્યા. રસોત્સવની સાંજ એટલે સી.એન.ના ચરણમાં શીશ નમાવવા અને ઋણ અદા કરવા હજારો વિધાર્થીઓ. અને બધાના હોઠે રમતી એક જ પંક્તિ કે ''અમે નમીએ તને ચિરસાથી, સાથી વિદ્યાવિહાર''. દરેકની આંખો શોધી રહી હતી પોતાના મિત્રોને, શિક્ષકોને અને પોતાના બાળ સ્વરૂપને. રસોત્સવ નામ સાર્થક કરતા બધા જ રસ એ સાંજે જોયા અને અનુભવ્યા. રસોત્સવ નિમિત્તે અમે સી.એન.ની સ્થાપનાની સાથે સાથે સી.એન.એ અમારામાં જે સ્થાપ્યું છે એની પણ ઉજવણી કરી.

આલાપ તન્ના, ૨૦૧૪ની બેચ

રસોત્સવ - શાળાની ૧૧૧ વર્ષની ઉજવણીને પ્રસંગ અને કાર્યક્રમની વાતો કે વિચાર કરતાં 'ટાઈમ કેપ્સ્યુલ'નું વર્ણન યાદ આવી જાય. પ્રવેશની સાથે જ શરૂ થતી 'ફોટો ભીતે' વિતેલા વર્ષોમાં સરકી જવામાં મદદ કરી. ખાસ કરીને શ્રી ઝીણાભાઈ ને વિજયાબહેનના ફોટા જોયા ત્યારે તેમની સાથે ગાળેલી ઘણા શનિવારની બપોરનાં સંસ્મરણ તાજા થયા. વિજયાબહેનની સમાજસેવા, સાહેબ સાથેના શાળા, સાહિત્ય, દેશ, સ્વતંત્રતા ચળવળ ને બીજા અનુભવોની ચર્ચા અને ઘણુ બધુ. આ સર્વેનો મારા ચારિત્ર ઘડતરમાં ખૂબ ઊંડો પ્રભાવ રહ્યો છે.



આગળ જતાં મારા વર્ગની ૨ વ્યક્તિને અનાયાસે ૧૯૬૮ પછી પહેલી વાર મળી. શરૂઆત મૂઝવણથી થઈ. ઓળખાણમાં તકલીફ પડી પણ પછી તો વાતો પૂરી ના થઈ. ચારે તરફ એક ઉલ્લાસનું વાતાવરણ હતું. જેટલી વ્યક્તિઓ હતી તેનાથી વધારે તો કેમેરાની 'ક્લીક' અને સ્મિત દેખાતા હતા.


રસોત્સવમાં સ્ટેજ સુશોભનમાં શાળાના પાયા નાખનાર સર્વેની હાજરી ગમી. સંગીતના કાર્યક્રમમાં સંગીતવૃંદે જે રીતે કાર્યક્રમનાં ગીતોમાં તેમની યાદ, લાગણી અને કૃતજ્ઞતા ઉમેરી, શાળા અને ખાસ કરીને શ્રી ભાઈલાલભાઈ અને શ્રી ઝીણાભાઈને યાદ કરીને ઋણ વ્યક્ત કર્યું તે હૃદયસ્પર્શી હતું. ઝીણાભાઈ હંમેશા કહેતા હતા કે શિક્ષકની સફળતા ત્યારે છે, જ્યારે તેમના શિષ્યો સવાયા ની કળે. આજે શાળાના વિદ્યાર્થીઓએ જુદા જુદા ક્ષેત્રોમાં પારંગત થઈને દુનિયા ગજવી છે તેનો શ્રેય ગુરુગણને જાય છે. તેમણે દરેકની અંદર રહેલી શક્તિઓને નવી નવી વસ્તુઓ કરાવીને અનુભવ કરાવ્યો છે. પ્રોગ્રામમાં સૌથી અદ્‌ભૂત અને અવર્ણનિય ક્ષણો હતી જ્યારે શ્રી ઝીણાભાઈનો અવાજ સાંભળ્યો. તેમણે કરેલા કાવ્યપઠન સમયે મને ખાત્રી છે કે તે સમયમાં ભણેલા અને રંગભવનમાં બેઠેલા બધા પ્રાર્થનામંદિરમાં પહોંચી ગયા હશે. જ્યારે પણ ૨૫૦૦ વિદ્યાર્થીઓ આ સંગીતયાત્રામાં જોડાયા ત્યારે કે પછી ગરબા ઝીલ્યા કે 'સ્વાધીન અમે સ્વાધીન' ગાયું ત્યારે અમે બધા એક અદ્રશ્ય સંબંધના તારથી જાણે કે જોડાઈ ગયા. શ્રી.તુષારભાઈ શુકલે જે રીતે પ્રોગ્રામનું સંકલન કર્યું તેનાથી તો શાળાકાળના સંસ્મરણો તાજા તો થયા પણ તે સમયે નહીં સમજાયેલા ઘણા જોડકણા, ગીતો કે પ્રવૃતિનો પોતાના વિકાસ સાથેનો સંબંધ સમજાયો.

મારા માટે આ સાંજ,આ અનુભવ ખાલી આનંદદાયક સુધી સિમિત નથી. તેણે બાળપણથી અત્યાર સુધીની મારી સફરમાં સી.એન. શાળાએ જગાવેલા સ્વપ્ના, સંસ્કાર, આત્મવિશ્વાસ, સારું કરવાની ને આગળ જવાની ધગશ અને સમાજ, દેશમાં પ્રદાન કરવાની તમન્નાનો કેટલો મોટો ફાળો છે તેની અનુભૂતિ છે.


માનનીય શ્રી વૈશાલીબહેન શાહ અને તેમની સમસ્ત ટીમે દિલથી કરેલી મહેનત માટે ખૂબ ખૂબ આભાર. આજે મને બાળકો સાથે કામ કરવાની શાળામાં જે તક મળી છે તેને હું મારું સદભાગ્ય ગણુ છું. અમે નમીએ તને ચિરસાથી, સાથી વિદ્યાવિહાર


- બિનાબહેન હાંડા ૧૯૬૮ની બેચ


## મુલાકાતીઓના પ્રતિભાવ



Viren Gajjar
I have come here in this school almost a decade away. it has taken me to my childhood we alway feel connected to school and well it has become better : Thanks :)
2022- 12th pass out batch


24/2/24
I ♡ CN
Kalyani Umang Shah
After So many Years ♡ to here again




2006 - 2016
Kedar Sompura


Dr Pranjal Shah
CN will always be an unseparable part of my life.
Thank you CN!!


MARGI DAVE
Thanks (2001 Batch)



**2400 CNites. 111 glorious years. The date, 24th Feb 2024, an evening steeped in the rich tapestry of our beloved Alma Mater.**
**An evening where we gathered to reminisce and to raise our voices in harmony with the timeless Prarthana mandir songs.**
**It was moment to immerse ourselves in the essence of CN once more, to bask in the warmth of cherished memories that bind us together as proud CNites.**

## Some Social Media Messages

દેશને સમર્પિત શેઠ સી.એન.વિદ્યાવિહારના એક એક મારા જેવા વિદ્યાર્થીઓ તરફથી. સ્નેહરશ્મિજીને યાદ કરીને. ઇન્દુમતીબેન અને સંસ્થા પરિવારના દરેક શિક્ષકોને વંદન કરીને. સી.એન.ના કેમ્પસ એટલે અમારા મંદિરને પ્રેમ કરીને. આયોજકોનો આભાર માનું છું.

**- Sunny Shah**

------

શેઠ સી એન વિદ્યાલય નામક આ બાળકોના સર્વાંગી વિકાસ કરતા , અમદાવાદના ધરોહર સમા વિશાળ શાળા રૂપી મંદિરના અવિરત સર્જન યાત્રાના ૧૧૧ વર્ષ પૂર્ણ થયા નિમિત્તે ફરી આ ભવ્ય મંદિરમાં જઈ જૂની યાદો, જુના મિત્રો, જુના શિક્ષકો અથવા સર્જનહારોને મળી શકાયું એનો અપાર આનંદ.

ખૂબ સુંદર આયોજન. રંગભવનના મંચ પર ભજવાયેલા સી. એન.ના જ વિદ્યાર્થીઓ, પ્રહર વોરા, યેશા પટેલ, ઋજુલ શાહ વગેરે સંગીતવિદો દ્વારા ભજવાયેલા જુના સુંદર પ્રાર્થના ગીતો, એમાં સોનામાં સુગંધ ભળે એવુ દિગ્ગજ કવિ અને વડીલસમાં સૂત્રધાર તુષાર શુક્લનું પ્રસંગોપાત વ્યકતવ્ય!! સર્વેનો ખૂબ ખૂબ આભાર આ સમગ્ર આયોજન માટે જે જે નાનાથી મોટા વ્યક્તિઓએ યોગદાન આપ્યું છે તે સર્વેનો સમગ્ર વિદ્યાર્થીઓ વતી આભાર, વંદન. દરેક શાળા જે તે વિદ્યાર્થી માટે સર્જક જ હોય છે, સર્જનાત્મકતાનું કેન્દ્ર હોય છે અને એના શિક્ષકો સર્જનહાર...

એમાં પણ પશ્ચિમ ભારતનુ શાંતિનિકેતન જેને કહેવાય એવા ૭૨ એકર વિસ્તારમાં પથરાયેલ સી એન વિદ્યાલય એટલે કે શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલય તમારું સર્જક અને સર્જનહાર હોય એટલે નક્કી તમે ભાગ્યશાળી છો કે તમને આવી સંસ્થામાં જ્ઞાન મેળવવાનું, સંસ્કાર અને શિસ્તનુ સિંચન કરવાનું, ગાંધી વિચારોમાં ઓતપ્રોત થવાનું, અને સોં ટકા શુદ્ધ હવા સાથે સોં ટચ સોના સમા શિક્ષકો, સોરી સર્જકો પાસે શીખીને, ઘસાઈને હીરા થવાનું સૌભાગ્ય મળ્યું.

સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિરમાં રોજ પ્રાર્થના કરતા કરતા, ગુરુવારે સાહિત્ય સભાંમાં કોઈકને કોઈ મહાનુભાવોને સાંભળતા, અભિવાદન કરવા બે હાથ ઊંચા કરી ફરકાવતા, અમે નમીએ તને ચીર સાથી એક સૂરે ગાતા, શનિવારે નેચર ક્લબમાં રંગભવન પાસે ચીકુવાડીમાં આંટા મારતા, સવારે આવીને સાવરણીથી વર્ગની સફાઈ કરતા, લાઈનબદ્ધ સવારે કિશોર વિદ્યાલયથી પ્રાર્થના મંદિરની સફર પર નીકળતા, કારગિલના શહીદો માટે ફાળો ઉઘરાવવા ઘરેથી વસ્તુ બનાવી વેચતા, છઠ્ઠા ધોરણમાં જાતે જ તારા વિના શ્યામ પર રાસ કરતા, સાતમાં ધોરણમાં મણિયારો તે હાલુ હાલુ પર ગોફ રાસ કરતા, વિજ્ઞાન કસોટી હોય કે પ્રખરતા શોધ કસોટી કે પછી ભારત વિકાસ પરિષદની પરીક્ષા, સુલેખન સ્પર્ધા હોય કે ચિત્ર સ્પર્ધા કે વિલીબહેન દીવાન વક્તૃત્વ સ્પર્ધા, બધામાં નંબર લાવતા લાવતા જે આત્મવિશ્વાસ અને વિચારોના જાણે બધા દરવાજા ખુલી જાય, ભણતા તો શીખવ્યું જ છે પણ સ્પર્ધાત્મક વાતાવરણ પણ પૂરું પાડ્યું છે. હોનહાર મિત્રોની જાણે ખાણ જ ના મળી હોય?

લેથ મશીનમાં બ્લોક બનાવતા, એન્જીનીયરિંગ ડ્રોઈંગની વર્ક શીટ બનવતા કે ઇલેક્ટ્રિકલ મિકેનિકલમાં અઘરી અઘરી સ્વીચની સર્કિટ બનવતા, સ્ટેજ પર બોલતા, નાટકો કરતા, કમ્પ્યુટર સેન્ટરમાં ઓટોકેડ શીખવવા, વોલીબોલ રમતા કે અને બીજું ઘણું ઘણું ઘણું શીખવવા બદલ સંસ્થા અને તેની સાથે જોડાયેલ સર્વે ગુરુજનોનો આભાર.

ઈશ્વરનો આભાર કે આવી સંસ્થામાં સફર કરી શકવાનું સૌભાગ્ય સાંપડ્યું. સમગ્ર વિદ્યાર્થીઓ વતી આ સર્જનાત્મકતાના કેન્દ્ર સમા, શૈક્ષણિક, વ્યક્તિગત, સામાજિક, બૌદ્ધિક વિકાસ માટે પથદર્શક બનવા શિસ્ત અને સંસ્કારનુ સિંચન કરવા નતમસ્તક વંદન.

-ડો. સ્મિત મહેતા

------

'સી.એન.ની વનરાજી'

ચંદનની સુગંધ લઈને ચંદન બંગલેથી આવી હું,
ચાલો ચાલો મારી સાથે વનરાજી બતાવું છું.
મોટો ને અહીં તો આસોપાલવ છે ઘણા,
ઠંડક મીઠી આપે પેલી લીમડા બોરસલીની ઘટા.
કેસરિયાં ફૂલો છે કેવાં જુઓ અશોકવૃક્ષમાં,
માછલીઓ કેવી તરવરતી ફૂલ ગુલાબી કમળકુંડમાં.
બારમાસી, જાસૂદ, ચાંદની, સૂરજમુખી શોભતાં,
ડમરો ને વળી મોગરો સુગંધ અહીં ફેલાવતાં.
મોર નાચતો કળા કરી ઢેલડબેની સંગે, મોરપિચ્છનાં ચાંદલિયાં છે કેવાં રંગબેરંગી.
આસોપાલવ પર બેઠું ત્યાં પોપટભાઈનું ટોળું,
કાળો કાંઠલો, લાલ ચાંચ ને બોલે મીઠું મીઠું.
ઉપરનીચે ખિસકોલી તો દોડમદોડ કરે, જોને પેલા વાંદરાભાઈ તો કૂદમકૂદ કરે.
કોયલબેની તારો ટહુકો મન મારું લે મોહી,
રંગે કાળી કાળી તું છો કઈ ડાળે છુપાઈ?
ચાલો ચાલો મારી સાથે વનરાજીમાં રમીએ,
ધીંગામસ્તી કરતાં કરતાં ગીત મધુરાં ગાઈએ,
''સી.એન.ની વનરાજી તો ભાઈ સી.એન.ની વનરાજી...''

- ભૈરવી મણિયાર, નિવૃત્ત શિક્ષિકા, વિદ્યાલય

------

મેં પણ રસોત્સવ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રસોત્સવ કાર્યક્રમમાં હાજરી આપવા માટે હું રાજકોટથી અમદાવાદ આવ્યો હતો.

- સુરેશભાઈ મારવિયા, આચાર્યશ્રી, રાજકોટ

ફરક ફરક તું. પૂજ્ય શ્રી સ્નેહરશ્મિની કાવ્ય રચનાને સંગીત આપ્યું વિરલ સંગીત શિક્ષક શ્રી ભાઈલાલભાઈ શાહે. CN અને એના વિદ્યાર્થીઓનું એ અહોભાગ્ય કે ભાઈલાલભાઈએ ફિલ્મ કે એવી કોઈ કારકિર્દી અપનાવવા ના બદલે શિક્ષણને પસંદ કર્યું.

**- Bhavin A. Shah**

------

**Back to where it all began. #School**

Who knew a simple reunion could bring back a flood of memories?

Reuniting with dear friends, reliving cherished moments, and celebrating the timeless bonds forged in our alma mater. Here's to the magic of our school reunion.

From classrooms to memories, some things never change. A full nostalgia overload! Reliving the good old days with my schoolmates. And cheers to the ones who knew us when we were just kids.

Institute multiple schools but tons of memories...

**- Dhruvin Soni**

------

Wow, super and wonderful memories of lovely life together with love and celebrate Rasotsav with all of you ...!!!!

**- Paresh Pathak**

------

It's wonderful time to be at our Alma mater – nostalgia

**- Prkruti Shah**

------

Super memories of our life

**– Paresh Pathak**

------

This place hold so many stories and memories

**– Vishal Bhatt**

------

1974 batch - At Rasotsav - Mega Re-union meet (Shreyasi Parikh, Padma Patel, Ruchira, Vinay Shah, Hema Jani, Dipti Shah, Sonali dalal, Malav Fadia, Nirav, Rajesh). A grand event was successfully organized by the school management team to welcome the Alumni. The event provided an opportunity for everyone to meet one another and dive into the sea of cherishable memries - Classroom, Prarthna Mandir, Rangbhavan and we also sang the songs of Prarthna Manndir- wriiten by Snehrashmi and composed by Shri Bhailalbhai with our alumni wel-known singers artists like Vibha Desai, Arti Munshi, Alpa Shah, Janmejay Vaidya, Riya Shah, Rujul Shah, Yesha Patel, Rushabh Kapadia and Prahar Vora and the programme was conducted by one of Gujarat's most beloved poet - Shri Tushar Shukla. I must say those who could not attended really missed a well-organised wonderful event.

**- Dr. Shreyasi K. Parikh**

**અવિસ્મરણીય રસોત્સવ**

કેટલા વર્ષો પછી આ મિત્રો આજે મળ્યા ,
કેટકેટલીય સ્મૃતિઓ ભેગી કરીને ગયા.
હતો તો થોડા જ સમયનો આ કાર્યક્મ ,
પણ એટલામાં જ વર્ષોનો ખજાનો લઈને ગયા,
પ્રાર્થના સભા એ તો રોજનો નિત્યક્રમ હતો,
'અમે નમીએ તને' ફરી સૂર પુરાવીને ગયા,
વિખૂટા પડ્યા હતા સ્કૂલના ધોરણો બાદ,
શાળાના તાંતણે કેટલાય લોકો ફરી જોડાઈ ગયા.
સ્મૃતિપટ પર તો હતા જ એ સ્કૂલના દિવસો,
પણ આજે તે દિવસો ફરી જીવીને ગયા.

- નિરાલી જોષી

------

**સી.એન.સ્કૂલ એજ મંદિર છે.**

સી.એન. સ્કૂલ એ અમારૂ બીજું ઘર છે.
ઘરના સંસ્કાર મળ્યા પછી શિક્ષણના અને ગાંધીજીની ફિલોસોફીથી
જીવનમાં આગળ વધવાની પ્રેરણા આ સ્કૂલે આપી.
અમે નમીએ તને ચીર સાથી..

- ડો.નિલેષ ત્રિપાઠી
(૧૯૭૯ બેચ) (M.S. Ophthalmology)

------

**એ કેવી મજાની રીત હતી.....**

દિવસો એ લાંબા લગતા,
આઠ તાસમાં વિતાવેલો સમય પણ ઝાઝો લાગતો,
છતાં એ દિવસોની કેવી મજાની રીત હતી.....
સવારે આવી પાટલી ઉપાડવી,
શાળાથી ઘરે જતા પાછી જગ્યા પર મૂકવી
સંઘર્ષ થોડો વધારે હતો પણ એ કેવી મજાની રીત હતી....
વર્ક કાર્યક્રમની આગળ ત્રણ લીટી બોલવા અલગ તરી આવવુ
નોટિસ બોર્ડ પર લખવા મળે તો પોતાને સેલિબ્રિટી અનુભવવું
નાનકડા દિવસોની કેવી મજાની રીત હતી....
ઘરકામ ના કર્યું હોય પકડાતા બહાનાનું લિસ્ટ તૈયાર રાખવુ
એ જ સમયે જો તાસ પતી ગયાનો બેલ વાગે તો ગર્વ અનુભવતા
આવી ખુશીમાં વિતાવેલા દિવસોની કેવી મજાની રીત હતી...
પ્રાર્થનામાં મોડા પહોંચતા મેદાનમાં બેસવું
પ્રાર્થના કયારેય જલ્દી પતશે તેની રાહ જોવી.
આજે એ જ પ્રાર્થનાને સાંભળવા રાત્રે ૧૨ વાગ્યા સુધી શાળામાં રહેવું...
આ કેવી મજાની રીત હતી......
ક્યાં વિસરી ગઈ આ ખાટીમીઠી મજાવાળી વાતો
રસોત્સવમાં મળી ગઈ એ છૂટા પડી ગયેલા મિત્રોની વાતો
અમે નમીએ તને ચિરસાથી... આ પંક્તિથી ધ્રુજી ઉઠતો ધબકારો
મળી ગયો જીવન જીવવાનો સથવારો....
સી.એન. માં વિતાવેલો આ શાળા સમયનો અનુભવ
કેવી મજાની રીત બની ગઈ.....

- રાહી ગાંધી


# રસોત્સવ ૨૦૨૪ની કેટલીક ઝાંખી
























ALUMNI MEET
2024
SHETH CHIMANLAL
NAGINDAS
VIDYAVIHAR
71












1959


1977




40
ALUMNI MEET
2024
1982




ALUMNI MEET
2024
2019


50


ALUMNI MEET
2024
2023






ALUMNI MEET
2024


C N VIDYAVIHAR'S
MEGA REUNION









## ઇન્દુમતીબહેનની બાળકો માટેની નિસ્બત

**બાળક સમાજનાં છે- આપણી માલિકીનાં નથી.**

એક કિસ્સો યાદ આવે છે. શાળામાં છઠ્ઠા ધોરણમાં ચાળીસ વિદ્યાર્થીઓ. બધાની શક્તિ એકસરખી તો હોય જ નહીં. વર્ગશિક્ષક જરા હોંશીલા એટલે કયા વિદ્યાર્થીનું શું વલણ છે તેનો અભ્યાસ શરૂ કર્યો. વર્ષ પૂરું થયું અને પરીક્ષાઓનાં પરિણામ જોયાં તો પોતાના રેકર્ડ અને તપાસની સાથે ત્રણ વિદ્યાર્થીઓનાં પરિણામ બરાબર મળતાં આવ્યાં. તેમણે બીજે વર્ષે પણ એ રેકર્ડ ચાલુ રાખ્યું અને આચાર્ય સાથે ચર્ચા વિચારણા કરીને પોતે સાતમીના વર્ગશિક્ષક થયા. આ ત્રણ અને બીજા બે ત્રણ એમ પાંચ છ વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ રાખ્યો બે વિદ્યાર્થિનીઓની બુદ્ધિ વ્યવહારિક ઘણી. કાંઈક કરવાનું સોંપ્યું હોય તો સારી રીતે હોંશે હોંશે કરે પણ ભાષા અને વિજ્ઞાનના abstract વિષયમાં બહુ ગજ વાગે નહિ. વિજ્ઞાનમાં પ્રયોગ બરાબર કરે પણ તેની તારવણીમાં ગોથું ખાઈ જાય. ગણિતમાં પણ બીજગણિત,ભૂમિતિ ફાવે નહિ. બાકી નામું વ્યાજ બરાબર કરે.

શિક્ષકને આ બે કેસમાં રસ પડ્યો. બન્ને જણ ભાષામાં તો માંડમાંડ સત્તર માર્ક મેળવતા. વિજ્ઞાનમાં પણ પ્રયોગોને લીધે પાસ થઈ જતાં પણ બીજા વિષયોમાં રુચિ જરાપણ નહિ. વાલી સાથે સંપર્ક સાધતાં જાણવા મળેલું કે હેમંતના વાલી વકીલ હતા અને કિરીટના વાલી મ્યુનિસિપલ શિક્ષક હતા. બીજા બે ત્રણ વિદ્યાર્થીઓનું રેકર્ડ પણ શિક્ષકો રાખતાં હતાં. તે બે વિદ્યાર્થીઓમાં abstract સમજવાની અસાધારણ બુદ્ધિ હતી પણ વ્યવહારબુદ્ધિ પ્રમાણમાં ઓછી. ભાષામાં ૮૦% માર્ક અચૂક આવે. વિજ્ઞાન ગણિતમાં ૯૦% પણ ચિત્ર કે એવા પ્રાયોગિક વિષયમાં એમનું ગાડું ચાલે નહિ. સમૂહજીવન, ચિત્ર અને ઉદ્યોગમાં કૃપાગુણથી પાસ થાય. તેમના વાલી વિષે તપાસ કરતાં માલૂમ પડ્યું કે જગદીશના પિતા વેપારી હતા અને જયંતના પિતા ડ્રાઈવર હતા. બન્ને વાલીઓ સમાન્ય ભણતરવાળા હતા.આમ ત્રણ વર્ષ નીકળી ગયાં અને આ વિદ્યાર્થીઓના casesનો study હાઇસ્કૂલમાં પણ ચાલુ રાખવામાં આવ્યો. આચાર્ય એ વાલીઓનો સંપર્ક સાધ્યો અને દસમા ધોરણમાં વિદ્યાર્થીના ભાવિ વિષે પૂછપરછ અને ચર્ચા કરી.

વકીલવાલી સાથે વાત તો વારંવાર થયેલી પણ તેમણે વર્ષોથી નક્કી કરેલું કે તેમનો દીકરો વૈજ્ઞાનિક થશે. દીકરાને પણ તે રીતે તૈયાર કરેલો કે તે વૈજ્ઞાનિક થાય. સંશોધનનું કામ કરે. છોકરો પણ બિચારો ઘણી મહેનત કરે પણ તેનું વલણ અને શક્તિ તે પ્રકારનાં નહિ તેથી તે પાછો પડે. પિતા-પુત્રને તકરાર ચાલે અને સુધરવાને બદલે પુત્રનું ભણતર નબળું થાય. વર્ગશિક્ષક સાથે ચર્ચા કરી S. S. C. માં તેને ટાઇપીંગ ટાઇપોગ્રાફી વિષય લેવડાવ્યો. વકીલ પિતાની ઈચ્છા તો ફિઝીક્સ અને ઉચ્ચ ગણિત લેવડાવવાની જ હતી. પણ અંતે તે સમજ્યા અને નમતું જોખ્યું. હેમંત રાજીરાજી થયો. ઘણો નિશ્ચિંત થઈને રાહત અનુભવવા લાગ્યો અને ઉનાળાની રજાઓમાં પણ ઓળખીતાના પ્રેસમાં જઈને તે કામ શીખ્યો. રુચિ અને શક્તિનો સુમેળ થઈ ગયો. ઘરમાં પણ શાંતિ થઈ અને તે વિદ્યાર્થી સારા માર્કે પાસ થયો એટલું જ નહિ પણ પછી પ્રિન્ટીંગનો વિષય લઈ આગળ અભ્યાસમાં જોડાયો અને હવે તે સારા માર્કે પાસ થશે. તેણે સંકલ્પ કર્યો છે કે પોતે અભ્યાસ પૂરો કરીને અધતન સ્વતંત્ર પ્રેસ કરશે. તેનો બીજો સંકલ્પ એમ પણ છે કે ઓછું ભણેલાઓ રસથી વાંચી શકે તેવાં પુસ્તકો વેચીને જ્ઞાન વિતરણના મહત્વના કાર્યમાં પોતાનો નાનો ફાળો આપશે. મ્યુ. શિક્ષક્નો કિરીટ મોટો થાય ત્યારે હાઇસ્કૂલમાં કે કોલેજમાં શિક્ષક બનશે તેમ પિતાનું સ્વપ્ન હતું , પણ બાળકની રુચિ હતી યંત્રવિદ્યા તરફ. વર્ગશિક્ષકે ઘણું સમજાવ્યું પણ શિક્ષક પિતા માન્યા નહિ. વિદ્યાર્થીએ અંગ્રેજી, ફિઝીક્સ અને મેથ્સ લઈને પાસ થવું જ જોઈએ તેમ વાલીએ આગ્રહ રાખ્યો. છેવટે તેને શાળામાંથી ઉઠાડીને બીજી શાળામાં દાખલ કર્યો. ત્યાંથી આ વિષયોમાં પરીક્ષામાં બેઠો પણ પાસ ન થયો. બીજે વર્ષે પણ નપાસ થયો. બાળકને કેટલી હાલાકી, સમય અને શક્તિનો દુર્વ્યય સહન કરવો પડ્યો ! તેના વિકાસને હંમેશનો આઘાત લાગી ગયો ! તે નુકસાન જીવન વિકાસને રુંધવાનું દુષ્કર્મ કેવડું મોટું નુકસાન કરે છે તે વાલી ક્યારે સમજશે ? આ બાળકોને સારાયે સમાજના ઉત્કર્ષ માટે ઈશ્વરે આપણા ખોળે મોકલ્યા છે. ઈશ્વરદત્ત શક્તિનો પૂર્ણ સામાજિક વિકાસ કરવો તે આપણું કામ છે. તે બાળકના આપણે માલિક નથી, સહાયક છીએ. આપણે ઈશ્વરને મદદ કરવાની છે. આપણી મોટાઈ વધારવાનું કે મહેચ્છા પૂર્ણ કરવાનું એ રમકડું નથી તે પણ આપણે વાલીએ સમજવાનું છે....

જગદીશના પિતાનો વેપાર સારો હતો. જગદીશ વહેલો કોમર્સ લઈને એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરે તેવી પિતાને હોંશ હતી. પછી તે સવારની કોલેજમાં જોડાઈને બી.કોમનો અભ્યાસ કરશે અને સાથે સાથે બપોરે દુકાન-પેઢીમાં કામ કરીને તૈયાર થઈ જશે, તેમ તેમને આશા હતી. પણ દીકરો તો 'રિસર્ચ' સંશોધન અને તે પણ ફિઝીકસમાં કરે તેવું વર્ગ શિક્ષકે પિતાને સમજવ્યું. પોતાની આશાઓ ભાંગી પડતાં, પહેલાં તો પિતા અચકાયા.પણ થોડા જ દિવસમાં તેમને આ વાત સમજાઈ. તેનાથી પણ કુટુંબને કેટલી પ્રતિષઠાને ગૌરવ મળશે અને જગદીશને ઉજ્જ્વળ કારકિર્દી અને કિર્તી મળશે તેવી પ્રતીતિ થતાં તેમણે પૂરી સંમતિ, સહકાર અને સહાયની ખાતરી આપી.

જયંતના પિતાએ તો પોતાની આર્થિક નબળી સ્થિતિ પર ધ્યાન દોર્યું અને કહ્યું કે મારો સંસાર હું ગમે તેમ ચલાવીશ, તેમાં મારે જયંતની મદદ નથી જોઈતી. પણ જયંત ઉપર ભારે ખર્ચ કરી નહીં શકું. શિક્ષકે અને શાળાએ ખાતરી આપી કે આ તેજસ્વી વિદ્યાર્થીને આર્થિક સગવડની મુશ્કેલી ન પડે તે અમે જોઈશું. જ્યાં સુધી ભણે ત્યાં સુધી ભણવા દો તો બસ. પિતાએ તરત જ ઘણી કૃતજ્ઞતાપૂર્વક સંમતિ આપી આજે જગદીશ અને જયંત સારી શિષ્યવૃતિ મેળવી કોલેજમાં પ્રથમ વિદ્યાર્થી ગણાય છે. ચાર-છ વર્ષ પછી તેમને માટે પરદેશ તાલીમ લેવા માટે સગવડ કરવામાં આવશે.વાલીની સમજ અને ઈશ્વર કૃપાથી તે બંને મોટા વૈજ્ઞાનિકો બનશે અને ભારતમાતાનું નામ ઉજાળશે. ખરી સમાનતા અને લોકશાહી આ જ છે ને ! નહીં તો ડ્રાઈવરનો દીકરો વૈજ્ઞાનિક થઈ શકે - કદીયે !

મહાન વિચારક અને કવિ ફિલસૂફ ખલીલ જિબ્રાને તેમના પુસ્તક Prophetમાં યોગ્ય જ કહ્યું છે કે-

- Your children are not your children. They are the sons and daughters of life"s longing for itself.
- They come through you but not from you. And though they are with you yet they belong not to you
- You may give them your love but not your thoughts, for they have their own thoughts.
- You may strive to be like them, but seek not to make them like you.

-શ્રી ઈન્દુમતીબહેન શેઠ

સંદર્ભઃ વિદ્યાવિહારનું વૃતપત્ર ફેબ્રુઆરી ૧૯૭૩

શેઠ ચી.ન. સ્મૃતિ કેન્દ્ર, આર્કાઈવલ સેન્ટર